# આત્મધર્મ

## વર્ષ ૨૯

## સળંગ અંક ૩૪૫

**Version History**

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2004 | First electronic version. |

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૪૫

## * છ અક્ષર *

'શુદ્ધચિદ્રૂપ હું' એવા છ અક્ષરના વિચારથી તેના વાચ્યરૂપ જે 'શુદ્ધચિદ્રૂપ' પ્રાપ્ત થાય છે તે, શ્રુતસમુદ્રમાંથી નીકળેલું ઉત્તમ રત્ન છે,-તે આદરણીય છે, સર્વે તીર્થોમાં તે ઉત્કૃષ્ટ તીર્થ છે, સુખોનો તે ખજાનો છે, મોક્ષનગરીમાં જવા માટેનું તે ઝડપી (રોકેટ કરતાંય ઘણું ઝડપી) વાહન છે; કર્મરજના ગંજને વીખેરી નાંખવા માટે તે વાયરો છે; ભવના વનને બાળી નાંખવા માટે તે અગ્નિ છે. આમ જાણીને હે બુદ્ધિનાથ! તું શુદ્ધચિદ્રૂપ હું' એવા છ અક્ષરવડે શુદ્ધચિદ્રૂપનું ચિંતન કર.

જ્યારે અમે અમારા શુદ્ધચિદ્રૂપનું સ્મરણ કરીએ છીએ ત્યારે શુભ-અશુભકાર્યો ક્યાં ચાલ્યા જાય છે તે અમે જાણતા નથી, ચેતન કે અચેતનસ્વરૂપ બાહ્યપદાર્થોનો સંગ ક્યાં જાય છે તેની ખબર પડતી નથી, અને રાગાદિક ભાવો ક્યાં અલોપ થઈ જાય છે-તેનું લક્ષ રહેતું નથી. એ વખતે તો બસ! અમારું એક શુદ્ધચિદ્રૂપ જ અમને દેખાય છે, બીજાું કાંઈ નહિ.

તંત્રીઃ **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદકઃ **બ્ર. હરિલાલ જૈન**
વીર સં. ૨૪૯૮ અષાઢ (લવાજમઃ **ચાર રૂપિયા**) વર્ષ ૨૯ઃ અંક ૯

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

વાર્ષિક લવાજમ
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

* વર્ષ: ૨૯ અંક ૯ *

વીર સં. ૨૪૯૮
અષાઢ
જુલાઈ ૧૯૯૮

## સુવર્ણપુરી સમાચાર [ સોગનઢ તા. ૨૩ રવિવાર ]

卐 પરમપૂજ્ય ગુરુદેવ સુખશાંતિમાં બિરાજી રહ્યા છે. તેઓશ્રીની તબીયત સારી છે, અને થોડા દિવસમાં પ્રવચન પણ શરૂ થશે. છેલ્લા પ્રવાસ દરમિયાન વધુ પડતી ગરમી તેમજ પરિશ્રમ થયેલ, તેથી ગુરુદેવને થોડી નબળાઈ અને તાવ આવી ગયેલ; અને ફેફસામાં થોડુંક પાણી થયેલ; તેથી દાકતરોની સલાહ મુજબ આરામ કરવા માટે પ્રવચનો બંધ રાખેલ. હવે પૂ. ગુરુદેવની તબીયત પૂરતી સંતોષકાર છે, પાણી સુકાઈ ગયું છે, અને તાવ પણ ઊતરી ગયો છે; બીજી કોઈ તકલીફ નથી. છેલ્લા થોડા દિવસોથી પ્રવચન બંધ હોવાને કારણે ગામેગામના કેટલાય મુમુક્ષુઓ ચિંતા કરતા હતા. હવે આ સમાચારથી તેમને સંતોષ થશે. શ્રાવણના શિક્ષણવર્ગમાં વધુને વધુ જિજ્ઞાસુઓ આવીને ગુરુદેવના દર્શન-પ્રવચનનો લાભ લ્યે એમ ઈચ્છીએ છીએ.

–રામજીભાઈ માણેકચંદ દોશી

卐 સોનગઢમાં જે ભવ્ય પરમાગમમંદિર તૈયાર થાય છે. તેનું બાંધકામ ચાલુ છે ને મકાનનું ચણતરકામ થોડા વખતમાં પૂરું થઈ જશે એવી આશા છે. અક્ષરો કોતરવાનુ મશીન ઈટાલીથી મુંબઈ આવી ગયું છે, તે મશીનના બીબાં તૈયાર થઈ રહ્યા છે, અને થોડા વખતમાં અક્ષરોનું કોતરકામ પણ શરૂ થવાની ધારણા છે.

卐 અષાડ માસના અષ્ટાહ્નિકા પર્વ દરમિયાન તેરહદ્વીપ વિધાનમાંથી પૂજા થઈ હતી.

આ પૂજનવિધાન સોનગઢના ભાઈશ્રી મનસુખલાલ છોટાલાલ ઝોબાળીયા તરફથી હતું.

### 卐 દશલક્ષણી-પર્યુષણપર્વ-

ભાદરવા સુદ પાંચમ તા. ૧૨ સપ્ટેમ્બર મંગળવારથી શરૂ કરીને ભાદરવા સુદ ચૌદશ તા. ૨૨ શુક્રવાર સુધી દસલક્ષણી-પર્યુષણપર્વ ઊજવશે.

ત્યાર પહેલાં શ્રાવણ વદ ૧૩ ને મંગળવારથી ભાદરવા સુદ પાંચમ ને મંગળવાર સુધી આઠ દિવસ ખાસ પ્રવચન દિવસો તરીકે ગણાશે.

[ નોંધઃ સોનગઢના પંચાંગમાં ભાદરવા સુદ ૧૨ થી વદ ૮ સુધીની તારીખો છાપવામાં એક તારીખની ભૂલ છે. ]

# સિદ્ધના લક્ષે અપૂર્વ મંગળ સહિત સાધક થઈને અપૂર્વભાવે સમયસારની શરૂઆત

**સમયસારની પહેલી ગાથામાં સર્વે સિદ્ધભગવંતોને વંદન કરીને શરૂઆત કરી છે, તેની ટીકામાં સૌથી પહેલાં મંગળસૂચક 'अथ' શબ્દ છે.**

**'अथ' એટલે કે હવે;** અત્યાર સુધી જે વીત્યું તે રીતે નહિ પણ હવે નવી અપૂર્વ શરૂઆત થાય છે; સાધકભાવ નવો પ્રગટીને અપૂર્વભાવે સિદ્ધપણું આત્માના સ્થાપીને આ સમયસાર શરૂ થાય છે. સાધકભાવ સહિત આ સમયસાર સંભળાવીએ છીએ, ને તું પણ તરત જ જેવો કહીએ તેવો અનુભવ કરીને, સાધક થઈને અપૂર્વભાવે આ સમયસાર સાંભળજે. બીજું બધું ભૂલી જા....ને જ્ઞાનમાં એકાગ્ર થઈને સિદ્ધોની ભાવસ્તુતિપૂર્વક આ સમયસારને સાંભળ. સમયસારના સાંભળનારનો મોહ નાશ ન થાય એમ બને નહિ. અહો, હું હવે સાધક થયો છું, હું જ પોતે સાધ્ય ને હું પોતે સાધક–એમ અંતરમાં પર્યાયને એકાગ્ર કરીને સમયસારમાં કહેલા શુદ્ધાત્માને અનુભવમાં લેજે. અહો, આ તો અનંતા સિદ્ધોને આંગણે બોલાવવા છે–તેમાં વિકલ્પનો અંશ પાલવે નહિ. વિકલ્પથી જુદો પડીને, જ્ઞાનને અંતરમાં વાળીને શુદ્ધઆત્માને લક્ષમાં લઈને સાધક થયો ત્યાં તેની જ્ઞાનદશામાં અનંતાસિદ્ધોનો સ્વીકાર થયો. અનંતકાળમાં પૂર્વે નહોતો થયો એવો અપૂર્વ સાધકભાવ હવે શરૂ થયો.–આવા ભાવો એક 'अथ' શબ્દમાં ભર્યા છે. સમયસારમાં તો હીરા ભર્યા છે, પોતાને અંદર ભાન થાય ત્યારે એની કિંમત થાય તેવું છે.

સમયસારની સત્તરમી વખત શરૂ થયેલા પ્રવચનો, શ્રોતાઓ એવા અપૂર્વ ભાવે સાંભળે છે કે જાણે પહેલી જ વાર સાંભળતા હોઈએ! ગુરુદેવ પણ આ વખતે ખૂબખૂબ ખીલે છે. અહા! રાગથી જુદી પડેલી મારા જ્ઞાનપર્યાયમાં એટલી મોકળાશ છે કે અનંતા સિદ્ધોને એકસાથે તેમાં હું બિરાજમાન કરું છું. હું નાનો નથી. અરે, મારી એક પર્યાયમાં અંનતા સિદ્ધોને સમાડું એવો મોટો ચિદાનંદ હું છું. –અમારું ચૈતન્યઘર એવું સરસ મોટું છે કે જેમાં સિદ્ધ ભગવાન જેવા મોટા મહેમાન પધારે.–આમ પોતાના સ્વભાવની પ્રતીતપૂર્વક ધર્મીજીવ સમયસાર સાંભળે છે; અને બીજા શ્રોતાઓ પણ સમયસારના ભાવોનું ઘોલન કરતાં કરતાં આવો સાધકભાવ જરૂર પ્રગટ કરે છે.–આવી સંધિપૂર્વક આ સમયસારની કથની છે. સ્વસંવેદનજ્ઞાનની ધારાપૂર્વક આ સમયસાર રચાય છે, તે તું પણ એવા જ ભાવથી સાંભળજે.

## * માતાની એક શરત *

એક માતા અને તેના પુત્ર વચ્ચે ચર્ચા ચાલી રહી છે.

બન્ને ધર્મના સંસ્કારી છે. પુત્ર નાની વયમાં દીક્ષા લેવા માટે માતા પાસે રજા માગી રહ્યો છે.

માતાનું દિલ માનતું નથી. નાની વયમાં દીક્ષા ન લેવા ઘણી દલીલ કરે છે.

પણ જેનું મન સંસારમાંથી ઊઠી ગયું છે એવો પુત્ર, માતાની બધી દલીલના સુંદર આત્મસ્પર્શી જવાબ આપે છે.

પુત્રનો આવો વૈરાગ્ય અને આવી ઉત્તમ ધર્મબુદ્ધિ દેખીને માતા તો આશ્ચર્ય પામી ગઈ...... હૃદયમાં ગૌરવ થયું. ઊંડે ઊંડે તો પોતાનો પુત્ર મુનિ થઈને આત્માને સાધે-તેમાં તે પ્રસન્ન હતી, પણ પુત્રની કસોટી કરવા તેણે એક છેલ્લી દલીલ અજમાવી.

માતાએ કહ્યું-બેટા, તારી ભાવના ઉત્તમ છે, તારા જેવા ધર્મી પુત્રની માતા થઈને હું ધન્ય બની; તારા વૈરાગ્યમાં હું વિઘ્ન કરવા માંગતી નથી; હું તને ખુશીથી દીક્ષા લેવાની રજા આપું,- પણ એક શરતે ?

પુત્રને થયું-મા કોણ જાણે કેવી આકરી શરત મુકશે ? પણ દ્રઢભાવનાથી પુત્રે કહ્યું-મા, જલ્દી કહે; તારી શરત ગમે તેવી આકરી હશે તોપણ હું તે પુરી કરીશ. મારો આત્મા જાગ્યો છે, તેને માટે હવે કાંઈ દુષ્કર નથી, માટે હે માતા ! તું ખુશીથી તારી શરત મને કહે !

પુત્રની દ્રઢતાથી માતા રાજી થઈ; અને કહ્યું-બેટા સાંભળ ! તારા જેવો મહાન પુત્ર સંસારમાં કોઈક જ માતાને મળે છે; તને પામીને હું ધન્ય બની. તું ખુશીથી સાધુદીક્ષા લે. મારી શરત એટલી જ છે કે સાધુ થઈને તું એવી આત્મસાધના કર કે જેથી તારે ફરીને બીજી માતા કરવી ન પડે.... ને આ સંસારમાં હું તારી છેલ્લી જ માતા હોઉં. બસ, આ શરત પૂરી કરવા તૈયાર હો તો તું ખુશીથી દીક્ષા લે....તને મારા આશીષ છે.

પુત્રે અત્યંત પ્રસન્નતાથી કહ્યું-વાહ માતા ! તેં ઉત્તમ શરત મુકી. તારી આ શરત હું જરૂર પૂરી કરીશ. અહા, મોક્ષના આવા આશીર્વાદ આપનારી માતા મને મળી, હવે બીજી માતા હું નહિ કરું......માતા ! કોલકરાર છે કે અપ્રતિહતપણે આજ ભવમાં કેવળજ્ઞાન અને મોક્ષને સાધીશ......

**હે વીરજનની ! પુત્ર તારો જાય છે સિદ્ધધામમાં**

**નહિ માત બીજી ધારશે, ધારો ન શંકા લેશ ત્યાં.**

[ ધન્ય તે પુત્ર ! ધન્ય તે માતા ! ]

# * અનુભવરસ-ઘોલન *

## [ વાંકાનેરથી તત્ત્વચર્ચામાંથી ]

卐 આપ અનુભવની વાત કરો છો તે અમને બહુ જ ગમે છે, પણ આવો અનુભવ કેમ કરવો ?

વિકલ્પથી જ્ઞાનને જુદું ઓળખવાનો અભ્યાસ કરવો; જ્ઞાનની મહાનતા છે, જ્ઞાન અનંતા ચૈતન્યભાવોથી ભરેલું છે, ને રાગવિકલ્પો તો ચૈતન્યથી શૂન્ય છે-એમ ભેદજ્ઞાન કરતાં અનુભવ થાય છે.

卐 છઠ્ઠા ગુણસ્થાનના શુભવિકલ્પનેય પ્રમાદ કહ્યો છે, તો તે શુભવિકલ્પ જ્ઞાનની જાત કેમ હોય ? અગ્નિનો કણ ભલે નાનો હોય પણ તે કાંઈ બરફની જાત તો ન જ કહેવાયને ? તેમ કષાયઅંશ પણ શુભ હોય પણ તે કાંઈ અકષાય-શાંતિની જાત તો ન જ કહેવાયને ? વિકલ્પને અને જ્ઞાનની જાત જ જુદી છે. આવું જુદાપણું નક્કી કરવું તે જ્ઞાનસ્વભાવના અનુભવનું કારણ છે.

卐 રાગ પોતે દુઃખ છે, કે તેમાં એકત્વબુદ્ધિ તે દુઃખ છે ?

રાગ પોતે દુઃખ છે, તેથી તેમાં એકત્વબુદ્ધિ તે દુઃખ જ છે. દુઃખના ભાવમાં જેને એકત્વ ભાસે ( એટલે કે તેમાં પોતાપણું ભાસે ) તે દુઃખથી કેમ છૂટે ?

-અને તેની સામે, રાગથી ભિન્ન આનંદસ્વભાવી આત્મા પોતે સુખરૂપ છે, ને તેથી તેમાં એકત્વપરિણતિ તે પણ સુખ છે.

卐 રાગથી ખસીને પરિણતિ અંતરમાં કેમ વળતી નથી ? કેમકે અંતરના ચૈતન્યતત્ત્વનો ખરો મહિમા આવતો નથી, ને રાગનો મહિમા છૂટતો નથી. અંતરનું આનંદતત્ત્વ-કે જે રાગથી પાર છે તેને ગંભીર મહિમા જો બરાંબર જાણે તો તેમાં જ્ઞાન વળ્યા વગર રહે નહિ. અચિત્ય અદ્‌ભુત સ્વતત્ત્વનું જ્ઞાન થતાં જ પરિણામ ઝડપથી તેમાં વળી જાય છે, -ક્ષણભેદ નથી. જ્યાં જ્ઞાન અંતરમાં વળ્યું ત્યાં બીજા અનંતગુણો પણ પોતપોતાના નિર્મળભાવપણે ખીલી ઊઠયા, ને અંનત-ગુણના વીતરાગી ચૈતન્યરસનો અચિંત્ય સ્વાદ આવ્યો.-આનું નામ સમ્યગ્દર્શન.

卐 સમ્યક્‌ત્વની તૈયારીવાળા જીવને સમ્યક્‌ત્વની પૂર્વભૂમિકામાં કેવા વિકલ્પ હોય ? પ્રથમ તો તે જીવે પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા લક્ષમાં લીધો છે, તેને તે સ્વભાવ તરફ ઢળતા વિચારો હોય છે. કોઈ અમુક જ પ્રકારનો વિચાર કે વિકલ્પ

હોય-એવો નિયમ નથી; પણ સમુચ્ચયપણે વિકલ્પનો રસ તૂટે ને ચૈતન્યનો રસ ઘૂંટાય...એટલે પરિણતિ સ્વભાવ તરફ ઉલ્લસતી જાય-એવા જ પરિણામ હોય. કોઈને હું જ્ઞાયક છું એવા વિચાર હોય, કોઈને સિદ્ધ જેવું આત્મસ્વરૂપ છે એવા વિચાર હોય, કોઈને આત્માના અતીન્દ્રિય આનંદના વિચાર હોય, કોઈને જ્ઞાન અને રાગને ભિન્નતાના વિચાર હોય, કોઈની આત્માની અનંત શક્તિના વિચાર હોય-એમ કોઈ પણ પડખેથી પોતાના સ્વભાવ તરફ ઝુકવાના વિચાર હોય.

-પછી જ્યારે અંતરની કોઈ અદ્‌ભુત ઉગ્ર ધારાથી સ્વભાવ તરફ ઊપડે છે ત્યારે વિકલ્પો શાંત થવા માંડે છે ને ચૈતન્યરસ ઘૂંટાતો જાય છે,-તે વખતે વિશુદ્ધતાના અતિ સૂક્ષ્મ પરિણામોની ધારાવડે અંતરમાં ‘ત્રણ કરણ’ થઈ જાય છે, એ ત્રણ કરણના કાળે જીવના પરિણામ સ્વરૂપના ચિંતનમાં વધુને વધુ મગ્ન થતા જાય છે, ને પછી તો ઝડપથી બીજી જ ક્ષણે નિર્વિકલ્પ વિજ્ઞાનઘન થઈને પરમ શાંત અનુભૂતિ વડે જીવ પોતે પોતાને સાક્ષાત્ અનુભવે છે. આ સમ્યક્‌ત્વની વિધિ છે.

પહેલાં આત્માના સ્વભાવને લગતા અનેક પ્રકારના વિચાર હોય, તેના વડે સ્વભાવમહિમાને પુષ્ટ કરતો જાય.-પણ તે વખતે તેને સ્વભાવને પકડવા માટેના જ્ઞાનની મહત્તા છે, તે જ્ઞાન વિકલ્પથી આઘું ખસીને સ્વભાવ તરફ અંદર ઢળે છે. ત્યાં કાંઈ ‘હું શુદ્ધ’ વગેરે જે વિકલ્પો છે તે અનુભવ તરફ ઝુકવાનું કારણ નથી, જ્ઞાન જ વિકલ્પથી અધિક થઈને ( જાુદું થઈને ) અનુભવ કરે છે.

卐 પ્રશ્નઃ- આત્મા પરને કરતો નથી તેમ પોતાની પર્યાયને પણ કરતો નથી,-એ ખરૂ ?

ઉત્તરઃ- ના; એમ નથી. આત્મા પોતે કર્તા થઈને પોતાની સમ્યક્‌ત્વાદિ પરિણતિ કરે છે, એવો તેનો કર્તાસ્વભાવ છે. અનુભવમાં વિકલ્પ વગર એવી નિર્મળ પર્યાય થઈ જાય છે તેનો કર્તા આત્મા છે. હા, તે અનુભવ ટાણે ‘હું નિર્મળપર્યાયને કરું’ એવો વિકલ્પ નથી, પણ પોતે પરિણમીને નિર્મળપર્યાયરૂપ થાય છે. તે નિર્મળપર્યાયના કર્તાપણે વિકલ્પરહિત તે આત્મા પરિણમે છે. વિકલ્પ વગર પણ પોતાની શુદ્ધપર્યાયના કર્તા-કર્મ-કરણ વગેરે છ કારણરૂપ પરિણમવાનો જીવનો સ્વભાવ છે; તે પરિણમન જીવનું પોતાનું છે. જેમ આત્મા પરને ન કરે અને વિકલ્પને ન કરે તેમ, આત્મા પોતાની જ્ઞાનાદિપર્યાયને પણ ન કરે-એમ કાંઈ કહેતાં નથી, પણ ‘હું કર્તા ને પર્યાયને કરું’ એવા ભેદના વિકલ્પને કરવાનું આત્માના સ્વભાવમાં નથી-એમ સમજવું.

# ભરતચક્રવર્તી અને તેમની રાણીઓનો ઉપવાસ તે પ્રસંગે ભરતરાજે રાણીઓ સાથે કરેલ ધર્મચર્ચા

**આત્મજ્ઞાની મહાત્મા ભરતચક્રવર્તી પર્વના દિવસોએ ઉપવાસ કરતા, સાથે રાણીઓ પણ ઉપવાસમાં જોડાતી; ઉપવાસનો દિવસ તેઓ સ્વાધ્યાયશાળામાં નિવૃત્તિપૂર્વક કેવા ઉત્તમ ભાવથી રહેતા, ને કેવી સુંદર ધર્મચર્ચા કરતા, તેનું રસભીનું વર્ણન ‘ભરતેશ વૈભવ’ માં છે, તે અહીં આપ્યું છે. જિજ્ઞાસુઓને તેમાં રસ આવશે.**

સમ્રાટ ભરતે વિધિપૂર્વક ત્રિલોકનાથનો અભિષેક કર્યો. હવે આદિપ્રભુને વન્દન કરીને તેઓ પોતાની દેવીઓ સાથે સ્વાધ્યાયશાળામાં ગયા.

આ સ્વાધ્યાયશાળા અત્યંત વિસ્તૃત અને પ્રકાશમય છે. ત્યાં સૂકા ઘાસથી નિર્મિત સંયમાસન બિછાવેલું છે. બધા આસનોની વચ્ચે એક સોનાની ચોકી રાખી છે.

રાજયોગી ભરત મધ્યવર્તી આસન ઉપર બિરાજમાન થયા, આજુબાજુના આસનો પર તેમની બધી દેવીઓ બિરાજમાન થઈ. એ વખતનું દૃશ્ય એવું લાગતું હતું.–જાણે કે એ બધી યોગીઓ દ્વારા સિદ્ધ વિદ્યાની અધિદેવીઓ છે.

તે સ્વાધ્યાયગૃહમાં સુગંધિત ગુલાબજળ નહોતું, કોઈ હવા નાખનારા પણ નહોતા, અને કોઈ ચામર પણ વીંઝતું નહોતું. તે લોકોના મુખથી પણ કામસંબંધી કોઈ વચન નહોતું નીકળતું અને ભોગનું નામ પણ યાદ કરવામાં નહોતું આવતું. કેવળ મોક્ષમાર્ગમાં જ તે વખતે તેમનું ચિત્ત હતું.

જો કોઈ લોક પરસ્પર બોલતા તો ધાર્મિક વિષયો ઉપર જ બોલતા હતા. જે પરસ્પર એકબીજાને જોતાં તો મદ અને કામથી રહિત શાન્તદ્રષ્ટિથી જોતા હતા. કેવળ ધર્મચર્ચામાં વિશેષ આનંદ આવતો ત્યારે જ તેઓ હસતા હતા, બીજા કારણે નહિ. તે દિવસ તેઓ એકબીજાને સ્પર્શતા પણ નહોતા. કદાચિત્ વૈયાવૃત્ય કરવાના ઈરાદાથી સ્પર્શ કરતા હતા, તો માત્ર ભરતને એક તપસ્વી સમજીને જ સ્પર્શતા.

વિચાર કરવાની વાત છે. તે લોકોનું સુખ કઈ શ્રેણીનું છે! આજનો ઉપવાસ કયા પ્રકારનો છે? એટલું જ નહિ, પણ પતિપત્ની એક સાથે રહેવા છતાં પણ જરા મનમાં વિકલ્પનો અંશ નથી, તેને જ અસલી તપ કહે છે. લોકમાં સ્ત્રી અને પુરુષ અલગ રહીને પોતાનું બ્રહ્મચર્ય વ્રત બતાવી શકે, પરંતુ એક સાથે રહીને પણ મનમાં કોઈ પણ પ્રકારનો વિકાર ઉત્પન્ન ન થવા દેવો તે તલવારની ધાર ઉપર ચાલવા જેવું છે. એવા પણ ઘણા જોવામાં આવે છે જે પહેલાં વ્રત તો લઈ લે છે પછી સ્ત્રીઓને જોતાં વિચલિત થાય છે. અને માત્ર લોકોના ભયથી કોઈ રીતે રોકાઈ રહે છે. કોઈ કોઈ ભરી સભામાં વ્રત લે છે, પછી સુંદર સ્ત્રીઓને જોઈને મનમાં ને મનમાં કાશી–ફલની જેમ સડે છે. શું તે વ્રત છે કે આડબંર છે?

વ્રત ને સંયમ લીધા પછી તેને સર્પ સમાન અત્યંત મજબૂતીથી ગ્રહી રાખવા જોઈએ. કદાચિત્ હાથને ઢીલા કરે તો જેમ તે સર્પ કરડીને પોતાનો સર્વનાશ કરે છે તેમ વ્રતમાં શિથિલતા પણ સર્વનો નાશ કરે છે. જે વખતે કોઈ પદાર્થને આપણે ભોગવીએ છીએ તે વખતે તેને ભોગવી લેવો જોઈએ, જે વખતે તેનો ત્યાગ કરીએ ત્યાર પછી તેનું સ્મરણ પણ ન કરવું જોઈએ. એટલું જ નહિ, તેની હવા પણ ન લાગવી જોઈએ. એ પ્રકારની ચતુરતા રાખવી જોઈએ. એકવાર સ્ત્રીત્યાગ કર્યા પછી તે સ્ત્રી આવીને આલિંગન કરે તોપણ પોતાના હૃદયમાં કોઈ વિકાર ન થવા દેવો તે અસલી બ્રહ્મચર્ય છે. સામે સ્ત્રીઓ જોતાં મન ગળી જવું તે નકલી બ્રહ્મચર્ય છે.

જેના હૃદયમાં દૃઢતા છે, ભાવમાં શુદ્ધિ છે તે સ્ત્રીઓ સાથે બોલે તોપણ તે નિર્લેપ છે. તેમની તરફ જુએ તો યે શું? હસે તો યે શું? એટલું જ નહિ, સ્પર્શે તો પણ શું? તેમના મનમાં જરા પણ વિકાર થતો નથી. શું પાણીના સ્પર્શથી કમળના પાંદડા ભીંજાય છે? એ પ્રકારે સ્ત્રીઓનાં સંબંધમાં નિર્બલ હૃદયવાળા વિકારી બને છે, પણ ધીરોના હૃદયમાં તેનો કોઈ પ્રભાવ નથી પડતો.

રાજા ભરત ને તેની સ્ત્રીઓ વ્રતશૂર હતા. ચિત્તને પોતાને વશ કરવામાં તેઓ પ્રવીણ હતા તેથી તે દિવસ ઘોર બ્રહ્મચર્યવ્રત લઈને ચિત્ત જરાપણ ઢીલું કર્યા વિના પોતાના વ્રતમાં દૃઢ હતા, તેથી તેમને ધર્મવીર કહેવા જોઈએ. ખરી રીતે જોવામાં આવે તો સાચું પણ એ જ છે. લોકમાં જે ચોરીથી ભોજન કરે છે તેને જો કોઈએ વચ્ચે જ રોક્યો તો મનમાં ઘણો દુઃખી થાય છે. કોઈ મનુષ્યનું પેટ પૂર્ણરૂપે ન ભરાય તો તેને ખાવાની આકુળતા રહે છે, પરંતુ આ લોકોને સુખની શી ખામી છે? અત્યંત તૃપ્ત થઈને સુખ પ્રતિદિન ભોગવવાવાળાએ જો એક દિવસ તેમનો પરિત્યાગ કર્યો તો

તેને શું દુઃખ થાય છે? કાંઈ નહિ. જેવી રીતે સૂર્યના ઉષ્ણ તાપમાં તપ્ત હોવા છતાં પણ નીચે શીતલ જલ રહેવાથી કમળ સૂકાતું નથી, તેવી રીતે ઉપવાસની ગરમી રહેવા છતાં પણ ધર્મકથારૂપી શીતલ અમૃત હોવાથી તેમને ઉપવાસના તાપનો અનુભવ બિલકુલ નથી થતો.

વચ્ચેના દર્ભાસન ઉપર ચક્રવર્તી બિરાજમાન છે તેઓ વચ્ચે વચ્ચે ત્યાં બેઠલી પોતાની સ્ત્રીઓને દેખે છે, પરંતુ આજ તેઓ તેમને સ્ત્રીઓના રૂપે જોતા નથી પણ એ બધી તપસ્વીનિ છે એમ તેઓ સમજે છે. એવી રીતે સ્ત્રીઓ પણ જ્યારે ક્યારેક ભરતને જોતી અથવા તેમની સાથે વાતચીત કરતી ત્યારે પોતાના પતિ સમજીને નહોતી બોલતી પણ ધર્મોપદેશ દેનારા આચાર્ય છે એ રીતે સમજીને જોતી અને બોલતી.

સમ્રાટ ભરતે વિચાર્યું કે કાંઈક ધર્મચર્ચા કરવી જોઈએ. એ અભિપ્રાયથી તેઓ પોતાની સ્ત્રીઓને કહેવા લાગ્યા કે તમોને આજે ઘણું કષ્ટ પડયું હશે. અમારા સંસર્ગથી ક્યાંક ઉપવાસવ્રતથી તો ગ્લાનિ નથી થઈને?

તે દેવીઓએ સમ્રાટને પ્રાર્થના કરી કે સ્વામી! અમોને ઉપવાસનું કોઈ કષ્ટ થયું નથી. હવે જ્યારે આપનો ઉપદેશ સાંભળવા મળશે તે વખતે અમને ઉપરના સ્વર્ગોના દેવોથી પણ અધિક સુખનો અનુભવ થશે, તો ગ્લાનિ કયા ઘરની?

અમોએ ઉદરપોષણ માટે અનંત જન્મ ગાળ્યા. પરંતુ ગુણનિધિ! આત્મપોષણ માટે તો આપના પવિત્ર સંસર્ગથી આ જ એક જન્મ મળ્યો છે. હે રાજયોગી! અંતરંગને નહિ જાણતાં બહારના વિષયોમાં ભટકતા થકા અમોએ અનંત ભવભ્રમણ કર્યા પરંતુ આપના સંસર્ગથી અમને આ રાજમાર્ગ મળ્યો છે. સ્વામી! સ્ત્રીઓની સ્વાભાવિક ઈચ્છાઓ પુત્રો પામવાની, સારા સારા વસ્ત્રો પહેરવાની અને સુંદર આભૂષણો ધારણ કરવાની થયા કરે છે, પરંતુ તે ઈચ્છાઓ છોડાવી દઈને આપે અમને નિત્ય સુખનો માર્ગ બતાવ્યો છે. સાચોસાચ આપ મોક્ષરસિક છો. હે પર્વદિનાચાર્ય! ઉપવાસનું કષ્ટ તો જવા દો, હવે આપ ધર્મામૃતનું પાન કરાવો, એ અમારા લોકોની પ્રાર્થના છે. એમ કહીને વિનયવતી ને વિદ્યામણિ નામની બે રાણીઓને આગળ બેસાડીને બધી સ્ત્રીઓએ ધર્માપદેશ સાંભળ્યો.

ભરતેશ્વરે ઉપદેશ શરૂ કરતાં કહ્યું કે વિદ્યામણિ! સાંભળો. હું ભગવાન જિનેન્દ્રના શાસનને ઘણા સંક્ષેપમાં કહીશ. અનંત આકાશની મધ્યે ત્રણ વાતવલય ખૂબ લંબાઈમાં વ્યાપ્ત છે. જેવી રીતે ત્રણ પડની થેલીમાં આપણે કાંઈ ભરીને રાખીએ છીએ

તેવી રીતે ત્રણ વાતોની વચ્ચે આ બધા લોક છે. જે ઉપર દેખાય છે તે સુરલોક છે. તે સુરલોકના અગ્રભાગમાં મોક્ષશીલા છે, તેના પર અવિનશ્વર, અવિચલ, અનંતસિંદ્ધ બિરાજમાન છે. આપણે જ્યાં રહીએ છીએ તે મધ્યમ લોક છે. હે શ્રાવકી! આ મધ્યલોકની નીચે અધોલોક છે. આ ઉર્ધ્વ, મધ્ય અને અધો નામના ત્રણ લોકમાં જીવ બધેય ભરેલા છે, અને સુખ–દુઃખનો અનુભવ કરે છે. ઉર્ધ્વલોકવાસી દેવોને આદિ લઈને નીચેના જે જીવ છે તેઓ બધા જન્મ–મરણનાં દુઃખ અનુભવે છે. પરંતુ સાંભળો, સિદ્ધોને જન્મ–મરણનું દુઃખ નથી.

ક્યારેક મનુષ્ય દેવ થાય છે, દેવ મનુષ્ય થાય છે, અને ક્યારેક ને નારક થાય છે, તેમ જ હાથી, પશુ, ફણિ ને વૃક્ષાદિ અનેક યોનિઓમાં જઈને કર્મવશ ભ્રમણ કરે છે. એ રીતે જીવોને અનેક પ્રકારની પર્યાયો કર્મના કારણે પ્રાપ્ત થાય છે. આ જીવ ક્યારેક દરિદ્ર કહેવાય છે, ક્યારેક ધનિક કહેવાય છે, ક્યારેક સ્ત્રી થઈને અવતરે છે, ક્યારેક પુરુષ થઈને. આ પ્રકારે કર્મના સંયોગથી એ અનેક પ્રકારે દુઃખોનો અનુભવ કરે છે.

એવામાં વિદ્યામણિ હાથ જોડીને ઉપસ્થિત થઈ અને પૂછવા લાગી કે સ્વામી! આપે કહ્યું કે સંસાર દુઃખમય છે, સિદ્ધલોકમાં સુખ છે તે અવિનાશી સુખ પ્રાપ્ત કરવાનો શો ઉપાય છે? અમોને તેનો માર્ગ બતાવો.

સમ્રાટે કહ્યું દેવી! કર્મજાળનો જે નાશ કરે છે તેઓ બધા સિદ્ધોની પેઠે જ સુખી થાય છે.

વળી તેણે પ્રશ્ન પૂછયો કે સ્વામી! આપે એ તો ઠીક કહ્યું પરંતુ એ બતાવો કે કર્મને નાશ કરવાનો ઉપાય શું છે? એનો મર્મ પણ અમને જરા સમજાવી દેજો.

દેવી! સાંભળો, જિનેન્દ્રભક્તિ, સિદ્ધભક્તિ આદિ સત્ક્રિયાઓથી તે કર્મનો નાશ કરવામાં આવે છે. વિચાર કરવાથી તે જિનેન્દ્રભક્તિ તથા સિદ્ધભક્તિ ભેદ અને અભેદરૂપે બે પ્રકારની છે. પોતાની સામે જિનેન્દ્ર ભગવાનની ને સિદ્ધોની પ્રતિકૃતિ રાખીને ઉપાસના કરવી તે ભેદભક્તિ છે. પોતાના આત્મામાં જ તેમને બિરાજમાન કરીને ઉપાસના કરવી તે અભેદભક્તિ છે. વિશેષ શું? પહેલાં તો ભેદભક્તિના જ અભ્યાસની જરૂર છે. ભેદભક્તિ બરાબર અભ્યાસ થયા પછી અભેદભક્તિનો અભ્યાસ કરે તો કર્મનો નાશ થઈ શકે છે. કર્મનો નાશ કરવા માટે અભેદભક્તિપૂર્વક આરાધનાની જ પરમ આવશ્યકતા છે.

ત્યાર પછી તે વિદ્યામણિ ઊભી થઈને ફરી પ્રાર્થના કરવા લાગી કે સ્વામી! આપની દયાથી અમને ભેદભક્તિના સ્વરૂપનું જ્ઞાન ને અભ્યાસ છે, પરંતુ અભેદભક્તિમાં ચિત્ત નથી લાગતું. તે દિવ્યભક્તિ સંબંધી અમને ખાસ કરીને સમજાવી દો.

દેવી! જેવી રીતે તમે જિનવાસમાં (જિનમંદિરમાં) સામે ભગવાનને રાખીને તેમની ઉપાસના કરો છો, તેવી રીતે તનુવાતમાં જો પોતાના આત્માને રાખીને તેમની ઉપાસના કરો તો તે અભેદભક્તિ છે. આ આત્મા હાલ શરીરપ્રમાણે છે. શરીરની અંદર રહેવા છતાં પણ તેનાથી જુદો છે. પુરુષાકારરૂપ છે, ચિન્મય છે. એને એવો જાણીને દેખે તો તેનું દર્શન થાય છે. એક સ્ફટિકની શુદ્ધ પ્રતિમા જેવી રીતે ધૂળની રાશિમાં રાખવા છતાં દેખાય છે તેવી રીતે આ દેહરૂપી–ધૂળની રાશિમાં આ શુભ્ર આત્મા ઢંકાએલો છે–એમ જાણીને તેને જોવાનો જો પ્રયત્ન કરવામાં આવે તો તે અંદર દેખાય છે. સ્ફટિકની પ્રતિમા ચર્મચક્ષુથી દેખી શકાય છે, હાથોથી સ્પર્શી શકાય છે, પરંતુ આ કોઈ વિલક્ષણ મૂર્તિ છે, તે નથી ચર્મચક્ષુથી દેખી શકાતી કે નથી હાથથી સ્પર્શી શકાતી. તેને તો આકાશના રૂપમાં બનાવેલી સ્ફટિકની મૂર્તિ સમજો. તેને જ્ઞાનચક્ષુથી જ જોવી પડશે.

સંસારનો લોભ ઘણો ખરાબ છે. પરપદાર્થોના મોહે જ આ આત્માને તે અભેદભક્તિથી ચ્યુત કર્યો છે. તેથી સૌથી પહેલાં આશાપાસને જ છોડો. આશાઓને ઓછી કર્યા પછી એકાંતવાસમાં જઈને આંખો મીંચીને તેનું ચિંતન કરો, તો તે અવસ્થામાં તે અત્યંત શુભ્રરૂપે બનીને જ્ઞાનમાં અવતરિત થઈ દેખાય છે. તેને જોવાનો પ્રયત્ન કરે તોપણ તે એક જ દિવસમાં નથી જોઈ શકાતો. અભ્યાસ કરતાં કરતાં ક્રમેક્રમે તેનું દર્શન થાય છે. પરંતુ એ ચોકકસ છે કે એકાદ દિવસમાં તે ન દેખાય તોપણ આલસ્ય કર્યા વગર પૂરતો પ્રયત્ન કરવો જોઈએ.

હે સુખકાંક્ષિણી! આ પ્રકારની અભેદભક્તિથી કર્મોનો નાશ થાય છે. મુક્તિની પ્રાપ્તિ થાય છે. બધા ધર્મોમાં તે ઉત્કૃષ્ટ ધર્મ છે. સજ્જન તેનો સ્વીકાર કરે છે. જેનું હોનહાર ખરાબ છે એવો અભવ્ય તેનો સ્વીકાર કરતો નથી.

વિદ્યામણિ દેવી ફરી ઊઠીને ઊભી થઈ અને હાથજોડીને અત્યંત ભક્તિથી પ્રાર્થના કરવા લાગી કે સ્વામી! આ અભેદ ભક્તિનો અભ્યાસ પુરુષોને જ થાય છે કે સ્ત્રીઓને પણ થઈ શકે છે એનું રહસ્ય જરા અમને સમજાવી દો.

દેવી! સાંભળો, તે ભક્તિ બે પ્રકારની છે. એક ધર્મ અને બીજી શુક્લ; જો

કે કહેવામાં બે પ્રકાર દેખાય છે પણ વિચાર કરતાં એક જ છે, કારણ બંનેના અવલંબનરૂપે આત્મા એક જ છે.

ભક્તિનો અભ્યાસ કરતી અથવા ધ્યાન કરતી વખતે જો આત્મપ્રકાશ અલ્પ પ્રમાણમાં દેખાય તો તેને ધર્મધ્યાન સમજવું જોઈએ, જો વિશિષ્ટ પ્રકાશ થયો તો તેને શુક્લધ્યાન સમજવું જોઈએ. દેવી! એક વર્ષાકાળનો તાપ છે ને બીજો ગ્રીષ્મ કાળનો તાપ છે. એટલું જ બંનેમાં અંતર છે.

જે આ ભવમાં મુક્તિ પ્રાપ્ત કરવાવાળા છે તેમને શુક્લધ્યાનની પ્રાપ્તિ થાય છે; જે ક્રમે પોતાનું કર્મસંતાન નાશ કરીને મુક્તિ થશે તેમને ધર્મયોગની પ્રાપ્તિ થશે. સ્ત્રીઓને આ જન્મમાં જ મુક્તિ પ્રાપ્ત નહિ થાય, કેમકે તેમને સ્ત્રીપર્યાયમાં શુક્લ ધ્યાનની પ્રાપ્તિ નથી થતી; પણ તેથી નિરાશ થવાની જરૂર નથી. ધર્મયોગને સ્ત્રીઓ પણ ધારણ કરી શકે છે. તેના પર વિશ્વાસ લાવો. દેવી! સમવસરણમાં કેટલીયે અર્જિકાઓ અને સંયમી શ્રાવિકાઓએ શ્રી ભગવાન ઋષભદેવ ઉપદેશથી આ ધર્મયોગને પ્રાપ્ત કર્યો છે.

આ ધર્મયોગથી સ્ત્રીપર્યાયનો નાશ થાય છે, નિશ્ચયી દેવગતિની પ્રાપ્તિ થાય છે તેમ જ ક્રમે મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે. આ જિનેન્દ્રની આજ્ઞા છે, એના પર નિશ્ચયથી વિશ્વાસ લાવો.

ઉપર્યુક્ત ઉપદેશથી પ્રસન્ન થઈને વિધામણિ બેસી ગઈ, તે વખતે વિનયવતી નામની રાણી ઊઠીને ઊભી રહી અને હાથ જોડીને પ્રાર્થના કરવા લાગી. સ્વામી! દેવ ગતિમાં જઈને જન્મ લેવા માટે કયા ભાવની જરૂર છે અને કયા સામેથી ભાવોથી મનુષ્યપણે ઉત્પન્ન થવાય છે? એ વાતો જરા અમને સમજાવો.

સમ્રાટે કહ્યું કે દેવી! પુણ્યમય ભાવોથી સ્વર્ગથી પ્રાપ્તિ થાય છે. પાપ વિચારોથી નરક તે તિર્યંચગતિની પ્રાપ્તિ થાય છે પુણ્ય ને પાપ બન્ને વિચારોથી સમતાથી મનુષ્યગતિ મળે છે.

એવામાં વિનયવતી ફરી હાથ જોડીને કહેવા લાગી કે પુણ્યભાવ કયા સાધનોથી મળે? અને પાપવિચારના કારણ શું? એ વાતો સ્પષ્ટરૂપે સમજાવવાની કૃપા કરો.

દેવી! સાંભળો. દાન દેવું, પૂજા કરવી, વ્રતોનું આચરણ કરવું, શાસ્ત્રોનું

મનન કરવું વગેરે પુણ્યપ્રાપ્તિનું સાધન છે. અભિમાન, માયાચાર, ક્રોધ, લોભ ભોગા શક્તિ આદિ બધા પાપનાં કારણ છે. એ પ્રકારે કુલજાતિની મર્યાદાનું ઉલ્લંઘન ન કરવું, જીવદયા રાખી, તીર્થક્ષેત્રની વંદના કરવી આદિ પુણ્યનું કારણ છે. હિંસા જૂઠ, ચોરી, કુલીલ અને અતિકાંક્ષા આદિ વાતો થી પાપતો બંધ થાય છે.

એક વાત વિચારણીય છે. જે આત્મા પાપ અને પુણ્યને આધિન થઈને ક્રિયા કરે છે, તે સંસારમાં પરિભ્રમણ કરે છે. જે પાપ–પુણ્યને સમદ્રષ્ટિથી દેખીને પોતાના જ આત્મામાં સ્થિર થાય છે તે અધિક સમય અહીં ન રહેતાં સિદ્ધશિલા ઉપર ચાલ્યા જાય છે.

વિનયવતી વળી હાથ જોડીને પ્રાર્થના કરવા લાગી કે સ્વામી! સ્વર્ગ સુખનો અનેભવ કરવાવાળા પુણ્યને અને દુર્ગતિમાં લઈ જનાર પાપને સમદ્રષ્ટિથી જોવાનો ઉપાય શો? તેને પણ જરા સારી રીતે સમજાવી દો.

દેવી! સ્વર્ગનું સુખ પણ નિત્ય નથી, અને નારકીઓની વેદના પણ નિત્ય નથી. બન્ને અવસ્થાઓ બે સ્વપ્ન સમાન છે. તેને આત્માનું સત્ય સ્વરૂપ માનવું–એનાથી અધિક બીજો ભ્રમ શો છે? જેવી રીતે એક મનુષ્ય વૃક્ષ ઉપર ચડીને આનંદથી હસે છે ને પાછો નીચે પડે છે તેવી રીતે દેવ સ્વર્ગમાં દિવ્ય ઇન્દ્રિય–સુખને અનુભવી નીચે ભૂતલ પર પડે છે; જેવી રીતે કોઈ બચ્ચું કોઈ એક ખાડામાં પડીને રોકકળ કરતાં ઉપર ચડે છે, તેવી રીતે નારકી જીવ પણ નરકનાં દુઃખોને અનુભવીને ઉપર આવે છે.

જન્મ–મરણ સ્વર્ગમાં પણ છે, ને નરકમાં પણ છે. શરીરભાર પણ બન્ને જગાએ છે. સ્વર્ગનો દેહ ચાર દિન સુંદર દેખાય છે. ત્યાં ચાર દિન સુખ લાગે છે, નરકનું શરીર દુઃખમય જણાય છે, એટલું જ અન્તર છે.

દેવી! નારકી દેહ શું અને દેવોનો દેહ શું? એક તો લાકડીનો બોજો છે, તો બીજો ચંદનની લાકડીનો બોજો છે. બન્નેમાં વજનની દ્રષ્ટિથી કોઈ તફાવત નથી. એટલો જ સ્વર્ગ અને નરકમાં ભેદ છે. જ્ઞાનરૂપી શરીરને ધારણ કરી પોદ્ગલિક શરીરના ભારથી રહિત થઈને પોતાના સ્વાધીન રૂપમાં ઠરવું તે જ મુક્તિ છે. એમ ન કરવાથી ઊંચ નીચ શરીરને આધીન થઈને પરિભ્રમણ કરવાથી પુણ્ય–પાપનો બંધ અવશ્ય થતો રહેશે.

દેવી! જુઓ, દર્પણપર કીચડનો લેપ કરો, ચાહે ચંદનનો લેપ કરો, બન્ને પ્રકારથી દર્પણની સ્વચ્છતાનો નાશ થાય છે, તે પ્રતિબિંબને દેખાડવાના કામમાં આવી શકતું નથી. એવી રીતે પુણ્ય અને પાપ બન્નેના સંબંધથી આત્માની સ્વચ્છતા નાશ પામે છે. જેવી રીતે દર્પણપર લિપ્ત ચંદન અને કીચડને ઘસીને સાફ કરવાથી દર્પણ

સ્વચ્છ થાય છે, તેવી રીતે પુણ્ય અને પાપને આત્મયોગરૂપી પાણીથી ધોઈને દૂર કરવાથી આત્મા પોતાના સ્વરૂપમાં અર્થાત્ મુક્તિમાં લીન થાય છે.

દેવી! પાપ–પુણ્યનો ત્યાગ એકદમ નથી થઈ શકતો. પહેલાં મનુષ્યે પાપક્રિયાઓ છોડવી જોઈએ અને પુણ્યક્રિયાઓમાં પોતાની પ્રવૃત્તિ કરવી જોઈએ. જ્યારે તેની સિદ્ધિ થઈ જાય ત્યારે પુણ્યક્રિયાઓનો પણ ત્યાગ કરી દેવો જોઈએ. જેવી રીતે ધોબી કપડાં સાફ કરવા માટે પહેલાં તેને મસાલાના પાણીમાં પલાળી રાખે છે, ત્યાર પછી નિર્મળ પાણીથી ધૂએ છે ત્યારે તે વસ્ત્ર નિર્મળ થાય છે. કેવળ મસાલાના પાણીમાં ડૂબાડી રાખવાથી જ તે કપડું નિર્મળ થઈ શકતું નથી. એવી રીતે પહેલાં પુણ્યવાસના દ્વારા પાપવાસનાનો નાશ કરવો જોઈએ. કેવળ એટલાથી જ કામ નહિ થાય; પરંતુ પુણ્યવાસનાને પણ આત્માયોગથી ધૂએ તો જ આત્મા જગત્પૂજ્ય બની શકે. અહીંયાં વસ્ત્રના મેલના સ્થાને પાપ છે. મસાલાના સ્થાને પુણ્ય છે, અને સ્વચ્છ પાણીના સ્થાને આત્મયોગ છે. પહેલાં કંઈક પુણ્ય સંપાદન કરવું ઉચિત છે. આત્મયોગમાં જેઓ રત છે તેને પુણ્યની કાંઈ જરૂર નથી. તેથી મેં તમને કહ્યું હતું કે પુણ્ય અને પાપ સમદ્રષ્ટિથી જુઓ. દેવી! આ જિનેન્દ્રનું વાક્ય છે, એના પર શ્રદ્ધા રાખો.

વિનયવતી પ્રસન્ન થઈ. હવે ચંદ્રિકા નામની રાણી બીજી કોઈ રાણીઓની વતી શંકા કરીને ઊભી થઈ અને પ્રાર્થના કરવા લાગી કે સ્વામી! આપે અમને અત્યાર સુધી એ ઉપદેશ દીધો કે પુણ્ય અને પાપને સમદ્રષ્ટિથી જોઈને છોડી દેવાં જોઈએ, પરંતુ એમાં કેટલું તથ્ય છે એ સમજાતું ન હતું; કારણ કે જો એમ ન હોય તો આપ પુણ્યકૃત્ય કેમ કરી રહ્યાં છો? જિનેન્દ્ર ભગવાનની પૂજા કરવી, મુનિઓને આહારદાન દેવું, શાસ્ત્રોનો સ્વાધ્યાય અને મનન કરવું, સજ્જનોની રક્ષા અને દુર્જનોને શિક્ષા કરવી, ઉપવાસ કરવા આદિ બાબતો શું પુણ્યબંધનું કારણ નથી? તેને આપ કેમ કરી રહ્યા છો? કેવળ અમને જ ઉપદેશ દેવાનો છે શું?

ચંદ્રિકા દેવી! બરાબર છે. તેમ ઘણી સૂક્ષ્મદ્રષ્ટિથી વિચાર કરીને આ પ્રશ્ન કર્યો છે. તમારા હૃદયમાં જે શંકા ઉપસ્થિત થઈ તે સાહજિક છે. હવે તમે બરાબર સાંભળો, હું તમને સમજાવીશ.– ભરતેશ્વરે કહ્યું.

દેવી! હું પુણ્યક્રિયાઓને કરું છું કેમકે હું ગૃહસ્થપણે રહું છું. જ્યાં સુધી હું ગૃહસ્થપણે રહું છું ત્યાં સુધી ગૃહસ્થધર્મની મર્યાદાઓનું ઉલ્લંઘન કરવું એ ધર્મ નથી. જેથી ષટ્કર્મોનું પાલન કરવું મારા માટે અનિવાર્ય છે. દિગમ્બર દીક્ષા ધારણ કર્યા પછી

પુણ્યકમની અપેક્ષા રહેતી નથી. પછી પુણ્યક્રિયાઓ એકદમ છોડવી જોઈએ, પરંતુ રાજ્યશાસન કરતા થકા પુણ્યક્રિયાઓ છોડી દેવી તે રાજાનું લક્ષણ નથી. દેવી! માની લ્યો કે હું કદાચિત્ આત્માનુભવી હોવાથી પુણ્યપ્રવૃત્તિ છોડી દઉં, પરંતુ આ વિષયમાં લોક મારું અનુકરણ કરશે અર્થાત્ તેઓ પણ પુણ્યવિચારોને છોડી દેશે, પણ તેમને આત્મયોગ તો પ્રાપ્ત નથી; અને તેઓ પુણ્યક્રિયાઓને છોડી દેશે તો પરિણામે તીવ્ર પાપબંધ કરીને નાહક દુઃખી થશે. તેથી પુણ્યપ્રવૃત્તિનો માર્ગ દેખાડી રહ્યો છું.

ચંદ્રિકાદેવીએ ફરી પ્રાર્થના કરી કે સ્વામી! આપે કહ્યું ‘પુણ્ય–પાપ બંને બંધનાં કારણ છે. બંને હેય છે.’ હવે કહો છો કે ‘બીજાઓનું અહિત ન થાય એટલા માટે પુણ્યાચરણ કરી રહ્યો છું,’ હવે આપ જ કહો કે બીજાઓને માટે પણ જો મનુષ્ય હેય કર્યા કરે તો તેને બંધ થશે કે નિર્જરા થશે? નિર્જરા તો ન જ થાય, કર્મબંધ જ થશે. તેથી આપ એવું કાર્ય કેમ કરો છો, એ વાત અમને બરાબર સમજાવો.

ભરતેશ્વરે કહ્યું–દેવી! સાંભળો. ચિત્તને પોતાના આત્મામાં સ્થિર કરીને બહારની બધી ક્રિયાઓ જ્ઞાની ઉદાસીન ભાવે કરે છે. તેમ કરવાં છતાં પણ તેને કોઈ બંધ થતો નથી. આ ધર્મનો પ્રભાવ છે. તેને જરા બરાબર સમજો.

જેવી રીતે સપત્નીને પ્રેમ અથવા ઈચ્છાથી જો પોતાની પાસે રહેવાનું કહે તો રહે છે. પણ જો તેને ઉપેક્ષાભાવથી કહે તો પોતાની પાસે રહેતી નથી. એવી રીતે જો કર્મને સારું સમજીને આદરપૂર્વક તેનું સ્વાગત કરે તો જીવ તે કર્મપરાયણ રહે છે, અને તેને સારી રીતે કર્મબંધન થાય છે. પણ જો તેને તિરસ્કાર દ્રષ્ટિથી (હેયબુદ્ધિથી) જોવામાં આવે તો જીવ તે કર્મપરાયણ કેમ રહે? કર્મ ત્યાં ટકી શકતાં જ નથી. તેથી કહ્યું છે કે–જ્ઞાનીને ભોગ કરવા છતાં પણ કર્મબંધ નથી, સાગારધર્મમાં રહેવા છતાં પણ તે અનગારની સમાન રહે છે.

તો પછી આપને ઉપવાસાદિ જંજાલમાં પડવાની શી જરૂર છે? કેમકે ભોગવવા છતાં પણ આપને બંધ થતો જ નથી, તો પછી આરામથી મહેલમાં શા માટે નથી રહેતા? ચંદ્રાવતી દેવીએ હસીને કહ્યું.

દેવી! ઘડીક વારમાં ભૂલી ગઈ એમ લાગે છે. મેં કહ્યું હતું કે ભોગમાં અતિ આસક્તિ કરવી તે કર્મબંધનું કારણ છે; ભોગનો ત્યાગ કરવા માટે આ ઉપવાસાદિક હું કરું છું. બીજું કાંઈ કારણ નથી.

ચંદ્રિકાદેવી કહેવા લાગી કે સ્વામી! આ આપોને બધો પરિચિત વિષય છે તેથી બધા પ્રકારે આત્મસાધન આપ કરો છો, અમને તે આત્મભાવના નથી આવતી, તેનો ઉપાય શું? તેને જરાક સમજાવી દ્યો.

દેવી! તમારામાં કોઈને પણ પરમાત્મયોગથી પ્રાપ્તિ નથી થતી એમ ન કહો! કોઈ કોઈના હૃદયમાં તે આત્મભાવના પ્રગટ થાય છે. જેને તેનો અભ્યાસ છે તેઓ આત્મધ્યાન કરતી રહે. જેનામાં શક્તિ નથી તેઓ તે જાણકારોની વૃત્તિ જોઈને પ્રસન્ન થતી રહે. પરમાત્મધ્યાન જ મુક્તિનું સાક્ષાત્ કારણ છે. એ વાતની શ્રદ્ધા કરીને બધા લોક પુણ્યાચારનું પાલન કરે. તમે પણ કરો. ચોક્કસ ભવિષ્યમાં તમોને મુક્તિનો માર્ગ દેખાશે.

ચંદ્રિકાદેવી પ્રસન્ન થઈને બેસી ગઈ. એવામાં જ્યોતિર્માલા નામની રાણી ઊઠીને રાજર્ષિ ભરતને પ્રશ્ન કરવા લાગીઃ સ્વામી! શાસ્ત્રોમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી રત્નત્રય મુક્તિનું સાધન છે એમ કહ્યું છે, પરંતુ આપ કહો છો કે આત્મયોગ જ મુક્તિનું સાધન છે.–એ આગમવિરોધી ઉપદેશ આપે શા માટે કર્યો?

ભરતજી કહેવા લાગ્યા કે, જ્યોતિર્માલા! તમે રહસ્ય જાણીને જ પ્રશ્ન કર્યો છે. સારી વાત છે. તમારા વિવેક ઉપર હું પ્રસન્ન થયો છું. હવે સાંભળો, હું સમજાવું છું. ત્રણરત્ન અને આત્મામાં કોઈ અંતર નથી. આત્માના સ્વરૂપને જ રત્નત્રયી કહે છે. દર્શન અને જ્ઞાન એ આત્માના સ્વરૂપ છે. દર્શન અને જ્ઞાનસ્વરૂપમાં સ્થિરભાવથી રહેવાને ચારિત્ર કહે છે, તેથી એ ત્રણે વસ્તુ આત્માથી ભિન્ન નથી. દેવી! રત્નત્રય બે પ્રકારનાં છે આપ્ત–આગમ–શાસ્ત્રોનું શ્રદ્ધાન અને જ્ઞાન કરીને વ્રતાદિકમાં જોડાવું તે વ્યવહારરત્નત્રય છે, ગુપ્તરૂપે આત્માનું જ શ્રદ્ધાન કરવું, જાણવું તથા લીન રહેવું તે નિશ્ચય રત્નત્રય છે. પહેલાં તો વ્યવહાર રત્નત્રયનો આશ્રય કરવો જોઈએ, પછી નિશ્ચયમાં ઠરી જવું જોઈએ. દેવી! તે વખતે આત્માનું સંસાર સંબંધી દુઃખ નાશ પામે છે અને મુક્તિની પ્રાપ્તિ થાય છે.

એવામાં જ્યોતિર્માલાને એક શંકા ઊપજી. તે કહેવા લાગી કે સ્વામી! આપે એ કહ્યું કે ભગવાનની શ્રદ્ધા કરવી વ્યવહાર અને આત્માની શ્રદ્ધા કરવી તે નિશ્ચય છે, તો શું ભગવાનથી પણ મોટો આત્મા છે? એ વાત તો અમારા સમજવામાં નથી આવી. આપ બરાબર સમજાવો.

ભરતજી પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે અધ્યાત્મયોગ અનુભવમાં જ

આવવા યોગ્ય વિષય છે. તે બીજાને કહી શકાતો નથી જો નહિ કહીએ તો મુક્તિની પ્રાપ્તિ પણ થશે નહિ. આ અબળાઓનું નાહક અકલ્યાણ થવું ન જોઈએ, તેને કોઈ ઉપાયથી સમજાવવું જોઈએ.

ખરેખર! સમ્રાટ અત્યંત વિવેકી હતા, તેઓ દરેકના અંતરંગને સારી રીતે જાણતા હતા, તેથી તેઓ પ્રગટરૂપે કહેવા લાગ્યાઃ દેવી! શુદ્ધાત્મયોગ ભગવાનથી પણ વિશેષ છે, એ હમણાં કહેવું યોગ્ય નથી. એ વાતની યર્થાથતા તમે આગળ જતાં બરાબર સમજશો. હાલ તો શ્રીપંચપરમેષ્ઠીઓની ઉપાસના કરો. ભગવાન અથવા પંચપરમેષ્ઠી આત્માથી પણ અધિક છે. પરંતુ આત્માથી જાુદા સ્થાપીને તેની પૂજા કરવામાં આવે તો તે ઉત્કૃષ્ટ નથી. ભગવાન પોતાના આત્મામાં છે, એમ સમજીને ઉપાસના કરવી એ ઉત્કૃષ્ટ ધર્મ છે. દેવી! ભગવાનને બહાર સ્થાપીને ઉપાસના કરશો તો તેથી પુણ્યબંધ થશે, તેથી સ્વર્ગાદિક સુખની પ્રાપ્તિ થશે. જો ભગવાનને પોતાના આત્મામાં સ્થાપીને ઉપાસના કરશો તો સર્વકર્મોનો નાશ થઈ મોક્ષસુખની પ્રાપ્તિ થશે.

કાંસામાં, પિત્તળમાં, સોનામાં, ચાંદીમાં અને પત્થરમાં ભગવાનની કલ્પના કરી ઉપાસના કરવી તે વ્યવહારભક્તિ છે. ભેદભક્તિ છે. બીજા શબ્દોમાં તેને કૃત્રિમ ભક્તિ પણ કહી શકાય છે. પોતાના નિર્મળ આત્મામાં ભગવાનને સ્થાપીને જો ઉપાસના કરવામાં આવે તો તે અભેદભક્તિ છે, નિશ્ચયભક્તિ છે, અથવા તેને જ પરમાર્થ ભક્તિ કહી શકાય છે. દેવી! તમને હવે આ જણાઈ ગયું હશે કે વ્યવહારમાર્ગને જ ભેદમાર્ગ કહે છે. નિશ્ચયમાર્ગને અભેદમાર્ગ કહે છે.

અભેદમાર્ગ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તે કર્મરૂપી સર્પને માટે ગરુડ સમાન છે, તેથી અમે તમને કહ્યું પણ હતું કે સમ્પૂર્ણ દુર્ભાવોને દૂર કરી શુભભાવ કરો, અને તે શુભભાવથી પણ પાર અભેદમાર્ગની પ્રાપ્તિ કરો કે જેથી તમને મોક્ષસુખની પ્રાપ્તિ થાય.

તે જ્યોતિર્માલા દેવી પ્રાર્થના કરવા લાગી કે સ્વામી! આ આપનું કહેવું તદ્ન સાચું છે. તે પવિત્ર માર્ગ ગ્રહણ કરવો આપને માટે સરલ છે, પરંતુ આ અમારી સ્ત્રીપર્યાય છે. અમારો વેષ અને આકાર પણ સ્ત્રીત્વથી યુક્ત છે. આપે એ કહ્યું હતું કે તે આત્મા પુરુષાકાર છે, તો એવી અવસ્થામાં અમને સ્ત્રીઓને તે પુરુષાકારી આત્માનું ધ્યાન કેવી રીતે થઈ શકે? આ જરા સમજાવવાની કૃપા કરો.

દેવી! સાંભળો, આત્માની ભાવના કરતી વખતે તેને સ્ત્રીના રૂપમાં ધ્યાન કરવાની જરૂર નથી અને તે વખતે પોતાને સ્ત્રી સમજવાની જરૂર નથી. જે પ્રકારના ભાવથી તેની

ભાવના કરો તે પ્રકારે તે દેખાય છે. याद्दशी भावना यस्य सिद्धिर्भवति ताद्दशी અર્થાત્ (જેવી જેને ભાવના તેવી તેને સિદ્ધિ થાય) એ શું તમે નથી જાણતા?

દેવી! પહેલાં પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ, રૂપાતીત એ પ્રકારે ચાર યોગોમાં પોતાને જોડીને પછી સ્વયં પોતામાં સ્થિર થવું જોઈએ, તેનો ક્રમ કહું છું. સાંભળો.

દેવી! પંચનમસ્કાર–મંત્રના પાંત્રીશ અક્ષર છે. તેમને પોતાના હૃદયમાં પાંચ પંક્તિઓમાં કોતરીને જુઓ. તો તે પાંચ મોતીના હારોની સમાન લાગશે. તેને પદસ્થધ્યાન કહે છે. ચંદ્રકાન્ત મણિથી નિર્મિત થયેલી એક ઉજ્જવલ પ્રતિમા સ્ફટિકના ઘડામાં જેવી રીતે રહે છે તેવી રીતે આ આત્મા આ દેહમાં રહે છે–એમ એકાગ્રચિત્તથી વિચાર કરવો તે પિંડસ્થ યોગ છે. કોટિસૂર્ય અથવા કોટિચંદ્ર સમાન પ્રકાશના ધરનારા શ્રી આદિનાથ ભગવાન છે એમ ધ્યાન કરવું તે હે દેવી! રૂપસ્થ ધ્યાન છે. બધા કર્મોથી રહિત નિરૂપમ, નિર્મલ, નિશ્ચલ, ચિદ્રુપસ્વરૂપ અનંત સુખી એવા સિદ્ધ ભગવંત અમાર શરીરમાં છે એમ કલ્પના કરી એકાગ્ર ચિત્તથી ચિંતન કરવું તે રૂપાતીત ધ્યાન છે.

દેવી! પહેલાં આ ચાર ધ્યાનનો અભ્યાસ કરો, પછી ત્રણ ધ્યાન વર્જી કેવળ પિંડસ્થ ધ્યાનમાં જ સ્થિર થવાની જરૂર છે. જ્ઞાનીગણ આ ધ્યાનની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. પિંડસ્થ ધ્યાનમાં બાકીના બધા ધ્યાન એકત્રિત થઈને રહે છે. આ પિંડસ્થ ધ્યાનથી જ કર્મ ખંડિત બને છે, અને આત્માને અખંડિત સુખની પ્રાપ્તિ થાય છે.

દેવી! જપ, સ્તોત્ર, દીક્ષા, વ્રત, સ્વાધ્યાય, તપાદિ બીજા બધા સહાયક છે, એટલું જ નહિ, આ પિંડસ્થ ધ્યાનના વિષે એ કહેવું ઉચિત છે તે મુક્તિનું સાક્ષાત્ બીજ છે, જિનેન્દ્ર ભગવાનનો પ્રિયમાર્ગ છે. તેને નિર્ભેદભક્તિ પણ કહે છે.

દેવી! લોકમાં બે પ્રકારના પ્રાણી છે, એક ભવ્ય, બીજા અભવ્ય. જે લોક ક્યારેક મુક્તિ પ્રાપ્ત નથી કરી શકતા અને આ સંસારમાં દુઃખોનો અનુભવ કરતા થકા અનાદિ–અનંત કાળ વ્યતીત કરે છે તે અભવ્ય છે. તેઓ આત્મયોગની અનેક પ્રકારે નિંદા કરે છે. ભવ્ય તેને રુચિપૂર્વક સ્વીકારીને અનંત સુખ પ્રાપ્ત કરી લે છે. (અર્થાત્ અનંત સુખરૂપે પોતે પરિણમે છે.) દેવી! તે અભવ્ય જીવ શાસ્ત્રો ભણે છે, ઉપવાસાદિ કરીને શરીર અને પેટને સૂકવી નાંખે છે, પરંતુ તેનું હૃદય કઠોર રહે છે. તે પાપી આત્મયોગને પાખંડ સમજે છે, તેને તો આત્મયોગની પ્રાપ્તિ નથી થતી; જેને તેની પ્રાપ્તિ થાય છે તેની તે અભવ્ય નિંદા કરે છે. ક્યારેક કોઈ તેને તે વિષય સમજાવે છે છતાં પણ તે તેની સાથે વિસંવાદ

કરે છે આ ધ્યાન સ્ત્રીઓને પ્રાપ્ત નથી શકતું, તેમજ ગૃહસ્થોને પણ પ્રાપ્ત નથી થઈ શકતું. દેવી! શાસ્ત્રોમાં કહ્યું છે કે સ્ત્રીઓને અને ગૃહસ્થોને શુક્લધ્યાનની પ્રાપ્તિ નથી થઈ શકતી, પરંતુ તેઓ અજ્ઞાની લોકોને ભડકાવે છે કે તેમને ધર્મધ્યાન પણ નથી થઈ શકતું. વ્યવહારધર્મને તો તેઓ માને છે, પરંતુ નિશ્ચયધર્મને સ્વીકારતા નથી. દેવી! તેમને કોઈ ધ્યાનશાસ્ત્રનો ઉપદેશ દેવા જાય તો કંઈક પ્રકારનાં બહાના બતાવે છે અને કહે છે કે આત્મયોગ ધારણ કરવા માટે ઘણાં શાસ્ત્રોનું અધ્યયન કરવાની જરૂર છે અને નિર્ગ્રંથ દીક્ષાની પણ જરૂર છે–એ બાબતો અમારામાં નથી તેથી અમે આ આત્મયોગનું ધારણ કરી શકતા નથી. પરંતુ દેવી! આશ્ચર્ય છે કે તેઓ બહુ શાસ્ત્રો ભણીને નિર્ગ્રંથ દીક્ષાથી દીક્ષિત થવા છતાં પણ સંસારમાં ભટકે છે.

દેવી! આત્મધ્યાન જો પોતાથી થઈ શકે તો અવશ્ય કરવું જોઈએ, જો એટલી શક્તિ ન હોય તો ધ્યાનતત્ત્વ પર શ્રદ્ધાન તો અવશ્ય કરવું જોઈએ. કેવળ પોતાથી ન બને તો ધ્યાનની નિંદા કરવી તે ભવ્યોનું કાર્ય નથી, પણ અભવ્યોનું તે કાર્ય છે; તેથી તમે આની ઉપર દૃઢ શ્રદ્ધાન કરો. હમણાં તમોને ધ્યાન ન પ્રગટે તોપણ કોઈ પણ જાતની હાનિ નથી. સંતોષપૂર્વક ભેદભક્તિનો અભ્યાસ કરતા રહો, તેથી આગળ જતાં તમોને મુક્તિ પ્રાપ્ત થશે. ભગવત્ પૂજા, મુનિદાન, ધર્મીસત્કાર, જીવદયા આદિ સત્ક્રિયાઓનું અનુષ્ઠાન કરો અને આત્મકલાપર શ્રદ્ધાન કરો. તમોને અવશ્ય આગળ મોક્ષની પ્રાપ્તિ થશે. દેવી! જે વખતે સૂતકકાળ અથવા માસિકધર્મ સદ્દશ અશુભ સમય હોય તે વખતે ઉપર્યુક્ત શુભ ક્રિયાઓનું આચરણ કરવું ઉચિત નથી. તે વખતે અશુચિત્વાનુંપ્રેક્ષાની ભાવના પૂર્વક મૌન રહેવું જોઈએ.

આ પ્રકારે તમો ઉપર્યુક્ત કથાનુસાર આચરણ કરશો તો તમારા લોકોનો આ સ્ત્રીવષ દૂર થઈ જશે અને સ્વર્ગ પામીને અવશ્ય મુક્તિ પણ પ્રાપ્ત કરશો. ખરેખર આ સિદ્ધાંત છે, તેથી અવશ્ય શ્રદ્ધા કરો.

આ પ્રકારે સમ્રાટ ભરતનો ઉપદેશ સાંભળીને જ્યોતિર્માલા આદિ બધી રાણીઓ અત્યંત પ્રસન્ન થઈ. એટલું જ નહિ, તેમને સાક્ષાત્ મુક્તિ મળી હોય એ પ્રકારે હર્ષ થયો. તેઓ બધી આનંદપૂર્વક કહેવા લાગી કે સ્વામી! આપની કૃપાથી આજે અમને એવા સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે કે જે કોઈ પણ જન્મમાં પ્રાપ્ત થયું નહોતું. હવે અમને મુક્તિ પ્રાપ્ત થવામાં શી મોટી વાત છે? સ્વામી! આપના સંગથી અમે કૃતકૃત્ય થઈ ગયા. એમ કહીને બધી રાણીઓએ ભરતેશ્વરના ચરણમાં સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

જ્યારે ભરતજીએ બધાને ઊઠવા માટે કહ્યું ત્યારે બધી ઊઠીને બેસી ગઈ.

સૂર્ય અસ્તાચળની તરફ ચાલ્યો ગયો. બધાએ જાણી લીધું કે હવે જિનવંદનાનો સમય થયો છે. તે વખતે તે રાણીઓ તો વિશાળ જિનમંદિરમાં જવા લાગી અને ભરતજી અહીંયાં સ્વાધ્યાયશાળામાં જ રહ્યા.

ભરતની રાણીઓને તે જિનમંદિરમાં માર્ગમાં અથવા ભરતજીને સ્વાધ્યાયમંદિરમાં છોડી દઈને અમે હવે જરાક અમારા પ્રેમી પાઠકોના હૃદયમંદિરમાં જઈએ છીએ. તેઓ પોતાના મનમાં વિચાર કરતા હશે કે દિનભર ઉપવાસયુક્ત રહેતા થકા પણ બપોરથી માંડીને સંધ્યા સુધી બરાબર તત્ત્વચર્ચા ચાલતી હશે, છતાં ભરતજી અને રાણીઓને કોઈ કષ્ટ થતું નથી એમાં શું રહસ્ય છે! વિચાર કરવાથી જણાશે કે ભરતજી રાતદિવસ પરમાત્મા પ્રતિ આ પ્રકારની ભાવના કરતા હતા કે:–‘હે પરમાત્મા! સંસારમાં એક માત્ર આશાપાશ જ સર્વદુઃખોનું કારણ છે. તે આત્માને દુઃખસમુદ્રમાં ફસાવે છે તેથી તે આશાપાસને દૂર કરવા તમારા સાન્નિધ્યની જરૂર છે. એક ક્ષણ માત્ર પણ મને નહિ છોડતાં મારી પાસે જ રહો. હું જે–તે ચિંતા છોડી દઈને સદા તમારી ભાવના કરતો રહું, એટલું જ નહિ,–પરંતુ મને ખાવા–પીવામાં પણ ઉપયોગ લગાડવાનો અવસર લેવાની જરૂર ન રહે કે જેથી સદાને માટે મારા ક્ષુધાદિક દૂર થઈ જાય.’ એવી અવસ્થામાં ઉપવાસનું કષ્ટ કેમ હોય? ભરતજીની જેમ જ સત્સંગમાં રહેવાવાળી રાણીઓને પણ તે કષ્ટ શા માટે થાય? આ બધું પૂર્વજન્મમાં અર્જિત પુણ્યનું અને આત્મભાવનાનું ફળ છે.

જ્યારે આ તત્ત્વચર્ચાનું અધ્યયન કરવાવાળા અમારા પાઠક પણ થોડીવાર ભૂખપ્યાસ આદિને ભૂલીને તેમાં તન્મય થઈ જાય છે તો તે ચર્ચામાં સાક્ષાત્ ભાગ લેવાવાળા તે પુણ્યપુરુષોને અલૌકિક આનંદ આવતાં તેઓ બીજા વિષયોને ભૂલી જાય એમાં આશ્ચર્યની વાત કઈ છે?

## સાચો નિર્ણય

* **જ્ઞાનવડે જ્ઞાનસ્વભાવના નિર્ણયથી સમ્યગ્દર્શન થાય છે.**
* **વિકલ્પથી નિર્ણય તે સાચો નિર્ણય નથી; જ્ઞાનમાં વસ્તુ આવીને જે નિર્ણય થાય-તે નિર્ણય સાચો છે. તે નિર્ણય ક્યારે થાય? કે જ્ઞાનપર્યાય રાગથી જુદી થઈને અંતર્મુખ થઈને પોતાના સ્વભાવને અખંડસ્વરૂપે લક્ષમાં લ્યે, ત્યારે જ આત્મસ્વરૂપનો સાચો નિર્ણય થાય; આવા નિર્ણયપૂર્વક જ્ઞાનનો ઝુકાવ શુદ્ધાત્મા તરફ વળે તેને ‘શુદ્ધનયનો અપૂર્વ પક્ષ’ કહેવાય છે; ને તે જીવને મોક્ષનો માર્ગ ખૂલે છે.**

## સમ્યક્ત્વસહિત વીતરાગપ્રધાન દશધર્મો

**બારઅનુપ્રેક્ષામાં છેલ્લી ધર્મ અનુપ્રેક્ષા છે; તેમાં પ્રથમ શુદ્ધ સમ્યક્ત્વસહિત શ્રાવકનાં ધર્મોનું વર્ણન કર્યા પછી મુનિધર્મના વર્ણનમાં રત્નત્રયસંયુક્ત ઉત્તમક્ષમાદિ દશધર્મોનું વર્ણન કર્યું છે. એકવાર દશલક્ષણીયપર્યુષદરમિયાન પ્રવચનમાં તે દશધર્મો વંચાયા હતા. તે અહીં આપ્યાછે. દશધર્મના અંતમાં મુનિરાજ કહે છે કે હે ભવ્ય! તું પુણ્યથી નિરપેક્ષપણે આ ઉત્તમ દશધર્મોને પરમભક્તિથી આરાધજે.**

卐 જે રત્નત્રયયુક્ત સાધુ સદાય ક્ષમાદિભાવરૂપ પરિણમેલા છે અને જેમને સર્વત્ર મધ્યસ્થતા છે તે સાધુને ધર્મ કહેવામાં આવે છે, અર્થાત્ એવા સાધુ તે પોતે જ ધર્મ છે.

卐 તે ધર્મ, ક્ષમાદિભાવરૂપ દશ પ્રકારનો છે; તે સારભૂત સુખરૂપ છે; હવે કહેવામાં આવતા તે દશધર્મોને પરમભક્તિથી જાણવા.

卐 દેવ–મનુષ્ય કે તિર્યંચવડે ઘોર ઉપસર્ગ કરવામાં આવે તોપણ ક્રોધવડે જે સંતપ્ત થતા નથી તેમને ઉત્તમ નિર્મળક્ષમા હોય છે.

卐 જે ઉત્તમ જ્ઞાનપ્રધાન છે, ઉત્તમ તપશ્ચરણ કરનાર છે છતાં પોતાના આત્માને માનરહિત રાખે છે તેને ઉત્તમ માર્દવરત્ન હોય છે.

卐 જે મનમાં વક્રચિંતન કરતા નથી, કાયાથી વક્રતા કરતા નથી, વક્ર વચન બોલતા નથી, અને સરળતાપૂર્વક નિજદોષને ગોપવતા નથી તેને આર્જવધર્મ હોય છે.

卐 તૃષ્ણા–લોભરૂપી મેલના પુંજને જે સમતા અને સંતોષરૂપ જળ વડે ધોઈ નાંખે છે, તથા જે ભોજનમાં પણ ગૃદ્ધિરહિત છે તેને વિમળ શુચિત્વ ( ઉત્તમ શૌચધર્મ ) હોય છે.

卐 જે જિનવચન અનુસાર જ બોલે છે, પોતે તેનું પાલન કરવામાં અશક્તિમાન હોય તોપણ, વ્યવહારમાં પણ જે અસત્ય કહેતા નથી તે સત્યવાદી છે.

卐 જે જીવરક્ષામાં તત્પર છે અને ગમનાગમનાદિ સર્વ ક્રિયામાં તૃણમાત્રનો પણ છેદ ઈચ્છતા નથી તેને સંયમભાવ છે.

卐 આ લોક તેમજ પરલોકનાં સુખોથી નિરપેક્ષ થઈને જે સમભાવ ધારણ કરે છે તથા વિવિધ કાયક્લેશ કરે છે તેને નિર્મળ તપધર્મ છે.

卐 જે મિષ્ટભોજનને, રાગ-દ્વેષજનક ઉપકરણોને, તથા મમત્વના હેતુરૂપ સ્થાનોને છોડે છે તેને ત્યાગધર્મ હોય છે.

卐 ચેતન તેમજ અચેતન પદાર્થના પરિગ્રહને જે ત્રિવિધે સર્વથા છોડે છે, તથા લોકવ્યવહારથી જે વિરકત છે તેને નિર્ગ્રંથપણું એટલે કે અકિંચનધર્મ હોય છે.

卐 જે મહિલાઓના સંગને પરિહરે છે, તેના રૂપને પણ નીરખતો નથી, તથા કામકથા વગેરેથી નિવૃત્ત છે તેને નવધા બ્રહ્મચર્ય હોય છે.

રણસંગ્રામમાં જે શૂરવીર છે તે કાંઈ ખરેખર શૂરવીર નથી; પણ તરુણીઓના કટાક્ષબાણ વડે પણ જે વિકારને પામતો નથી તે જ શૂરવીરોમાં સાચો શૂરવીર છે.

卐 આ દશપ્રકારરૂપ ધર્મ છે તે જ નિયમથી દશલક્ષણસ્વરૂપ ધર્મ છે; પરંતુ બીજા કે જ્યાં સૂક્ષ્મ પણ હિંસા હોય તે ધર્મ નથી.

卐 લબ્ધિહીન એવા મિથ્યાત્વસંયુક્ત જીવોને આવો જિનધર્મ અનાદિકાળથી અલબ્ધપૂર્વ છે,-પૂર્વ કદી તેની પ્રાપ્તિ થઈ નથી.

卐 આ દશપ્રકારના જે અલબ્ધપૂર્વ ધર્મ છે તે પાપકર્મનાં નાશક છે અને પુણ્યનાં જનક છે, પરંતુ પુણ્યના અર્થે તે કર્તવ્ય નથી. ( ઉત્તમ ધર્મોની સાથેના વિકલ્પવડે ઉત્તમપુણ્ય પણ થઈ જાય છે પણ ધર્મનું સેવન પુણ્યના પ્રયોજનથી ન કરવું ધર્મ તો વીતરાગભાવ જ છે.

卐 જે પુણ્યને પણ ઈચ્છે છે તેણે તો સંસારને જ ઈચ્છયો, કરણ કે પુણ્ય તો સદ્‌ગતિનો હેતુ છે,-ગતિરહિત મોક્ષનો હેતુ તે નથી; નિર્વાણ તો પુણ્યના ક્ષયથી જ પમાય છે.

卐 જે જીવ વિષયસુખની તૃષ્ણાથી કષાયસહિત વર્તતો થકો પુણ્યની અભિલાષા કરે છે તેને તો વિશુદ્ધિ (મંદકષાય) પણ દૂર છે; અને પુણ્યનું કારણ તો વિશુદ્ધિ છે. (આ રીતે પુણ્યની અભિલાષાવાળાને સાચાં પુણ્ય પણ હોતા નથી; કેમકે પુણ્યની અભિલાષા તે સંકલેશપરિણામ છે અને તે તો પાપનું મૂળ છે)

卐 પુણ્યની વાંછાવાળાને પુણ્ય બંધાતું નથી, પણ વાંછારહિત પુરુષને પુણ્યની સંપ્રાપ્તિ થાય છે;– આ જાણીને હે યતિ! તમે પુણ્યમાં પણ આદર ન કરો. મંદકષાયરૂપ પરિણમવાથી જીવ પુણ્યને બાંધે છે; તેથી પુણ્યનો હેતુ તો મંદકષાય છે, વાંછા નહિ. (પુણ્યની વાંછા તે તો તીવ્રકષાય છે.)

卐 એ રીતે પુણ્યથી નિરપેક્ષપણે આ ઉત્તમ ક્ષમાદિ દશધર્મોને પરમ ભક્તિપૂર્વક જાણીને મુમુક્ષુજીવોએ તેનું સેવન કરવું.

## * આત્મા.......મહાત્મા *

અરે મહાત્મા! જ્ઞાન–દર્શન–સુખથી તું ભરેલો.... તારામાં કેમ નજર નથી કરતો? ને બહારના વિષયોમાં નજર કરીને કલશે કેમ ભોગવે છે? બાહ્ય–વિષયોમાં જ્યાં તું સુખ માને છે ત્યાં ખરેખર સુખ નથી પણ દુઃખ છે, કલેશ છે. તારા સ્વભાવમાં નજર કર તો ત્યાં વિષયોના કલેશ વગરનું મહા અતીન્દ્રિય સુખ ભરેલું છે.

સુખી થવા માટે હે જીવ! તું સિદ્ધપદની આરાધના કર. સિદ્ધપદની આરાધના આત્માની અંદર જ થાય છે. આત્મા પોતે જ્ઞાન–દર્શન–સુખ–સ્વભાવી મહાન પદાર્થ છે, તેમાં કોઈ કલેશ નથી. અહા, નીરાલંબી આત્મદશા! સિદ્ધભગવંતો તો પૂર્ણ નીરાલંબી થયા છે; એને સાધનારા સંતોની દશા પણ અંતરમાં ઘણી નીરાલંબી હોય છે.–રાગના કણિયાનું તેમાં અવલંબન નથી, આત્માના સ્વભાવનું જ અવલંબન છે.

તારે પરમેશ્વરને જોવા હોય ને પરમેશ્વર થવું હોય તો પરમેશ્વરની શોધ તારા આત્મામાં જ કર. પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ સુખરૂપ પરમેશ્વરતા તારામાં જ છે. આત્મામાં સ્વભાવસુખનો એક અંશ પણ જ્યાં વેદનમાં આવ્યો ત્યાં આખા જગત પ્રત્યે વિરક્ત થઈ ગઈ, ને આત્મા પોતે મહાત્મા થયો.

વાહ રે વાહ આત્મા! તું તો 'મહાત્મા' છો. *

# એકત્વનો અનુભવ

卐 અરે, એકત્વસ્વરૂપ આત્માની અનુભૂતિમાં ‘હું જ્ઞાન છું’ એટલો વિકલ્પ પણ જ્યાં નથી. પાલવતો, ત્યાં બાહ્યલક્ષી બીજા રાગની તો શી વાત? ગુણભેદના એક સૂક્ષ્મ વિકલ્પની પણ પક્કડ રહે ત્યાં સુધી એકત્વસ્વરૂપ શુદ્ધાઆત્મા શ્રદ્ધામાં–જ્ઞાનમાં કે વેદનમાં આવતો નથી. આત્માના એકત્વમાં જે પરિણ્મ્યો તે સર્વે વિકલ્પથી જાુદો થયો. જ્ઞાન અને વિકલ્પની સર્વથા ભિન્નતા તેણે જાણી–અનુભવી.

卐 તત્ત્વવેદી ધર્માતમા એમ અનુભવે છે કે સર્વે વિભાગ વગરનું એક શુદ્ધ જીવાસ્તિકાય જ અમારું સ્વતત્ત્વ છે, બીજાું કાંઈ અમારું નથી.–આવા એકત્વનો અનુભવ કરનારા તત્ત્વવેદી જીવ અત્યંત અલ્પકાળમાં જ અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.

卐 વન–જંગલમાં વીતરાગી સંતો ક્ષણે ને પળે આવા અંતર્તત્ત્વને નિર્વિકલ્પ થઈને અનુભવે છે. અહા, ધન્ય છે તે અનુભવની પળ! ધર્મી–ગૃહસ્થો પણ ઘરમાં ક્યારેક આવો નિર્વિકલ્પ અનુભવ કરે છે.

卐 અહા, આવા પોતાના અંતર્તત્ત્વનો નિર્ણય કરે તો અંતરમાં ઊતરીને અનુભવ કરવાનો અવસર આવે. સ્વદ્રવ્ય કેવું છે તેને ઓળખીને તે ઉપાદેય કરવા જેવું છે. ઉપાદેય કઈ રીતે કરવું?–તેની સન્મુખ થઈને અનુભવ કર્યો એટલે તે ઉપાદેય થયું; અને તેનાથી વિરુદ્ધ બધા વિભાવો હેય થઈ ગયા, તેમનું લક્ષ છૂટી ગયું.

卐 જે એક સહજ જ્ઞાયકભાવ છે તે પરમતત્ત્વ છે, ને બીજા બધા ભેદ–ભંગ–રૂપ વ્યવહારભાવો તે અપરમભાવ છે. પરભાવરૂપ જે શુદ્ધતત્ત્વ તેના અનુભવથી પ્રચુર આનંદસહિત આત્માનો નિજવૈભવ પ્રગટે છે, તે મોક્ષમાર્ગ છે. માટે પરમભાવ જ અનુભવ કરવા યોગ્ય છે.

卐 મોક્ષમાર્ગના શુદ્ધભાવમાં વ્યવહારના કોઈ ભેદ–ભંગનું આલંબન નથી, એક સહજ પરમતત્ત્વનું જ આલંબન છે; તેના અનુભવથી જ સમ્યગ્દર્શન થાય છે,

તેના અનુભવથી જ ચારિત્રદશા કેવળજ્ઞાન થાયછે.

卐 આવા અભેદ પરમતત્ત્વના અનુભવ પહેલાં ભેદના વિકલ્પો આવે છે, શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાય વગેરેના વિચારમાં સાથે વિકલ્પ આવે છે, તે વિકલ્પોનો ખેદ છે; તેની હોંશ નથી, તેના પ્રત્યે ઉત્સુકતા નથી, શુદ્ધસ્વભાવ તરફની જ હોંશ ને ઉત્સુકતા છે. અરે, સીધેસીધા પરમસ્વભાવમાં જ પહોંચી જવાની ભાવના છે, તેના જ અનુભવનું લક્ષ છે, પણ વચ્ચે ભેદ–વિકલ્પો આવી જાય છે તેની ભાવના નથી.

[ અહીં અત્યંત અનુગ્રહથી અનુભવનું પ્રોત્સાહન આપતાં ગુરુદેવ કહે છે કે– ]

卐 બાપુ ! આ તો જન્મ–મરણનાં દુઃખડા ટાળવાની પરમ આનંદને અનુભવવાની અપૂર્વ વાત છે. આત્માના પરમસ્વભાવની આવી વાત કોઈક જ વાર મહા ભાગ્યે સાંભળવા મળે છે. માટે અંતરમાં ઊંડા ઊતરીને આ સમજવા જેવું છે.

卐 અહો, વીતરાગી સંતોએ દિલ ખોલીને, અંતર્સ્વભાવનાં રહસ્યો ખોલીને મુમુક્ષુ જીવોને દેખાડયા છે. તારી ચીજ તને બતાવી છે. આવી ચીજ તારા અંતરમાં છે; તું પોતે આવો પરમભાવ છો. અંતર્મુખ થઈને આવા પરમતત્ત્વને અનુભવમાં લે, તો તારા મોક્ષનો માર્ગ ખુલી જશે.

卐 અહો, આ તો અપૂર્વ સિદ્ધિનો પંથ છે. તત્ત્વરસિક થઈને તારા આવા ઉત્તમ તત્ત્વને તું નિર્ણયમાં લે. આવા પરમ તત્ત્વ સિવાય બીજું કાંઈ મારું નથી–એમ અનુભવ કરતાં અપૂર્વ સિદ્ધિ પમાય છે. વારંવાર ઘોલન કરીને તારા આવા તત્ત્વનું સેવન કર, તેનો અનુભવ કર.

卐 કોઈ કહે –આમાં તો બધું ઊડી જાય છે !

તો કહે છે કે–બીજું બધું ભલે ઊડી જાય, પણ તારું એક શુદ્ધ સ્વતત્ત્વ તો બાકી રહે છે ને ! તેને તું લક્ષમાં લે. તારા તે સ્વતત્ત્વમાં અનંતચતુષ્ટય ભરેલાં છે; અનંત ચૈતન્યરસનાં આનંદથી તે ભરપૂર છે. તેનો આશ્રય કરતાં મોક્ષમાર્ગ પ્રગટે છે. પછી બીજાનું તારે શું કામ છે ? તું તારા એકત્વમાં રહે ને ? તેમાં તારું બધુંય સમાય છે.

# અત્યારે જ સમ્યક્ત્વને ગ્રહણ કર

## [ तत्गृहाण अद्य सम्यक्त्वं तत्लाभे काल एष ते ]

ૠષભદેવ ભગવાનના જીવને સમ્યક્ત્વપ્રાપ્તિનું અદ્ભુત રોમાંચકારી વર્ણન )


ભોગભૂમિમાં આર્ય-દંપતિ તરીકે ઉપજેલા વજ્રજંઘ અને શ્રીમતિ એકવાર કલ્પવૃક્ષની શોભા નીહાળતા બેઠા હતા; એવામાં આકાશમાં પસાર થઈ રહેલા સૂર્યપ્રભદેવનું વિમાન દેખીને તે બંનેને જાતિસ્મરણ થઈ ગયું. જાતિસ્મરણ વડે પુર્વ-ભવો જાણીને તેઓ વૈરાગ્યપૂર્વક સંસારનું સ્વરૂપ વિચારતા હતા; ત્યાં તો વજ્રજઘના જીવે આકાશમાં દૂરથી આવી રહેલા બે ચારણમુનિઓને દેખ્યા. અને ચારણમુનિવરો પણ તેના ઉપર અનુગ્રહ કરીને આકાશમાર્ગથી નીચે ઊતર્યા. તેમને સન્મુખ આવતા દેખીને તુરત જ વજ્રજંઘનો જીવ ઊભો થઈને વિનયથી તેમનો સત્કાર કરવા લાગ્યો. સાચું જ છે,-પૂર્વજન્મના સંસ્કાર જીવોને હિતકાર્યમાં પ્રેરિત કરે છે. બંને મુનિવરોની સમક્ષ પોતાની સ્ત્રી સહિત ઊભેલો વજ્રજંઘનો જીવ એવો શોભતો હતો, કે સૂર્ય અને પ્રતિસૂર્યની સમક્ષ જેવું કમલિનીસહિત પ્રભાત શોભે. વજ્રજંઘના જીવે ભક્તિપૂર્વક બંને મુનિવરોના ચરણમાં અર્ઘ ચડાવીને તેમને નમસ્કાર કર્યા; તે વખતે તેના નયનોમાંથી હર્ષનાં આંસુ નીકળી-નીકળીને મુનિરાજામ ચરણ ઉપર પડવા લાગ્યા, જાણે કે નયનો વડે તે મુનિરાજના ચરણોનું પ્રક્ષાલના જ કરતો હોય! સ્ત્રી સહિત પ્રણામ કરતા આર્યવજ્રજંઘને આર્શીવાદ દઈને તે બંને મુનિવરો યોગ્યસ્થાનપર યથાક્રમે બેઠા.

ત્યારબાદ સુખપૂર્વક બિરાજતા તે બંને મુનિવરો પ્રત્યે વિનયપુર્વક વજ્રજંઘે આ પ્રમાણે પૂછયું! હે ભગવાન્! આપ ક્યાં વસનારા છો? આપ ક્યાંથી અહીં પધાર્યા છો? આપના આગમનનું કારણ શું છે? તે કૃપા કરીને કહો. હે પ્રભો! આપને જોતાં જ મારા હૃદયમાં સૌહાર્દભાવ ઉમટી રહ્યો છે, મારું ચિત્ત અતિશય પ્રસન્ન થઈ રહ્યું છે, અને મને એમ લાગે છે કે જાણે આપ મારા પૂર્વપરિચિત બંધુ હો! પ્રભો! આ બધાનું શું કારણ છે તે અનુગ્રહ કરીને મને કહો.

એ પ્રમાણે વજ્રજંઘનો સવાલ પૂરો થતાં જમોટા મુનિરાજ તેને આ પ્રમાણે ઉત્તર દેવા લાગ્યા: હે આર્ય! તું મને એ સ્વયંબુદ્ધમંત્રીનો જીવ જાણ કે જેના વડે તું

મહાબલના ભવમાં પવિત્ર જૈનધર્મનો પ્રતિબોધ પામ્યો હતો. તે ભવમાં તારા મરણ બાદ મેં જિનદીક્ષા ધારણ કરી હતી અને સંન્યાસપૂર્વક શરીર છોડીને સૌધર્મસ્વર્ગનો દેવ થયો હતો; ત્યારબાદ આ પૃથ્વીલોકમાં વિદેહક્ષેત્રની પુંડરીકિણી નગરીમાં પ્રીતિકર નામનો રાજપુત્ર થયો છું અને આ (બીજા મુનિ) પ્રીતિદેવ મારા નાનાભાઈ છે. અમે બંને ભાઈઓએ સ્વયંપ્રભજિનેન્દ્રની સમીપ દીક્ષા લઈને પવિત્રતપોબળથી અવધિજ્ઞાન તથા આકાશગામિની ચારણઋદ્ધિ પ્રાપ્ત કરી છે. હે આર્ય! અમે બંનેએ અવધિજ્ઞાનરૂપી નેત્રથી જાણ્યું કે તમે અહીં ભોગભૂમિમાં ઉત્પન્ન થયા છો; પૂર્વ ભવે આપ અમારા પરમમિત્ર હતા તેથી આપને પ્રતિબોધવા માટે અમે અહીં આવ્યા છીએ.

શ્રી મુનિરાજ પરમ કરુણાથી કહે છે -હે ભવ્ય! તું પવિત્ર સમ્યગ્દર્શન વગર કેવળ પાત્રદાનની વિશેષતાથી જ અહીં ઉત્પન્ન થયો છે-એ વાત નિશ્ચય સમજ. મહાબલના ભવમાં પણ તું મારી પાસેથી તત્ત્વજ્ઞાન પામ્યો હતો, પરંતુ તે વખતે ભોગોની આંકાક્ષાને વશ તું દર્શનશુદ્ધિ પામી શક્યો ન હતો. હવે અમે બંને, સર્વશ્રેષ્ઠ



તથા સ્વર્ગ-મોક્ષના સુખનું મુખ્ય સાધન એવું સમ્યગ્દર્શન દેવાની ઈચ્છાથી અહીં આવ્યા છીએ.... માટે હે આર્ય! આજે જ તું સમ્યગ્દર્શન ગ્રહણ કર!

અહા, મુનિરાજના શ્રીમુખેથી પરમ અનુગ્રહભર્યા આ વચનો સાંભળતાં વજ્રજંઘનો આત્મા અતિશય પ્રસન્ન થયો.

પ્રીતિકર મુનિરાજ પરમ અનુગ્રહપૂર્વક વજ્રજંઘના આત્માને સમ્યગ્દર્શન અંગીકાર કરાવતાં કહે છે કે હે આર્ય! તું હમણાં જ સમ્યગ્દર્શન ગ્રહણ કર.... આ તારો સમ્યક્ત્વના લાભનો કાળ છે. “-तद्गृहाणाद्य सम्यक्त्वं तल्लामें काल एष ते”

દેશનાલબ્ધિ વગેરે બહિરંગકારણ અને કરણલબ્ધિરૂપ અંતરંગકારણવડે ભવ્યજીવ દર્શનવિશુદ્ધિ પામે છે. જેમ સૂર્યનો ઉદય થતાં રાત્રીસંબંધી અંધકાર દૂર થઈ જાય

છે તેમ સમ્યક્ત્વરૂપી સૂર્યનો ઉદય થતાં મિથ્યાત્વ–અંધકાર નષ્ટ થઈ જાય છે. આ સમ્યગ્દર્શન જ સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રનું મૂળ કારક છે, એના વિના તે બંને હોતાં નથી. સર્વજ્ઞે કહેલાં જીવાદિ સાત તત્ત્વોનું, ત્રણ મૂઢતારહિત તથા આઠઅંગ સહિત યથાર્થ શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે. નિઃશંકતા, વાત્સલ્ય વગેરે આઠ અંગરૂપી કિરણોથી સમ્યગ્દર્શનરૂપી રત્ન બહુ જ શોભે છે. હે ભવ્ય (૧) તું આ શ્રેષ્ઠ જૈનમાર્ગને જાણીને, માર્ગસંબંધી શંકાને છોડ. (૨) ભોગોની આકાંક્ષા દૂર કર. (૩) વસ્તુધર્મ પ્રત્યેની ગ્લાની છોડ. (૪) અમૂઢદ્રષ્ટિ (–વિવેકદ્રષ્ટિ) પ્રગટ કર (૫) ધર્માત્માસંબંધી દોષના સ્થાન છૂપાવીને સત્યધર્મની વૃદ્ધિ કર. (૬) માર્ગથી વિચલિત થતા આત્માને ધર્મમાં સ્થિર કર. (૭) રત્નત્રયધર્મમાં અને રત્નત્રયધારક ધર્માત્માઓમાં અતિશય પ્રીતિરૂપ વાત્સલ્ય કર. અને (૮) તારી શક્તિઅનુસાર જૈનશાસનની પ્રભાવના કર. આ પ્રમાણે નિઃશંકતા આદિ આઠે અંગોથી સુશોભિત એવા વિશુદ્ધ સમ્યક્ત્વને તું ધારણ કર.

સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તેનો પરમ મહિમા સમજાવીને, તે સમ્યગ્દર્શન પ્રગટ કરવાની વારંવાર પ્રેરણા કરતાં શ્રી પ્રીતિકરમુનિરાજ કહે છે કેઃ હે આર્ય! જીવાદિ પદાર્થોના સ્વરૂપનું યથાર્થ શ્રદ્ધાન કરનારા આ સમ્યગ્દર્શનને જ તું ધર્મનું સર્વસ્વ સમજ. આ સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં, જગતમાં એવું કોઈ સુખ નથી કે જે જીવને પ્રાપ્ત ન થાય, એટલે કે સુખનું કારણ સમ્યગ્દર્શન છે. આ સંસારમાં તે જ પુરુષ શ્રેષ્ઠ જન્મ પામ્યો છે.....તે જ કૃતાર્થ છે....અને તે જ પંડિત...છ કે જેના હૃદયમાં નિર્દોષ સમ્યગ્દર્શન પ્રકાશે છે. હે ભવ્ય! ચોક્કસપણે તું આ સમ્યગ્દર્શનને જ સિદ્ધિપ્રસાદનું પ્રથમ સોપાન જાણ, મોક્ષમહેલનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન જ છે; તે જ દુર્ગતિના દરવાજાને રોકનાર મજબુત કમાડ છે, તે જ ધર્મના ઝાડનું સ્થિર મૂળિયું છે. તે જ સ્વર્ગ અને મોક્ષના ઘરનો દરવાજો છે, અને તે જ શીલરૂપી હારની વચમાં લાગેલું શ્રેષ્ઠ રત્ન છે. આ સમ્યગ્દર્શન જીવને અલંકૃત કરનારું છે, દેદીપ્યમાન છે, સારભૂત રત્ન છે અર્થાત્ રત્નોમાં શ્રેષ્ઠ છે, સૌથી ઉત્કૃષ્ટ છે, અને મુક્તિશ્રીને વરવા માટેની તે વરમાળ છે. –હે ભવ્ય! આવા સમ્યગ્દર્શનને તું તારા હૃદયમાં ધારણ કર.....આજે જ ધારણ કર.....અમે તને સમ્યક્ત્વ પમાડવા માટે જ આવ્યા છીએ.

જે પુરુષે અત્યંત દુર્લભ આ સમ્યગ્દર્શનરૂપી શ્રેષ્ઠ રત્ન પ્રાપ્ત કરી લીધું છે

તે અલ્પકાળમાં જ મોક્ષ સુધીના સુખને પામી જાય છે. દેખો, જે પુરુષ એક મુહૂર્તને માટે પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લ્યે છે તે આ મોટી સંસારરૂપી વેલને કાપીને અત્યંત છોટી કરી નાંખે છે. જેના હૃદયમાં સમ્યગ્દર્શન છે તે જીવ ઉત્તમ દેવ તથા ઉત્તમ મનુષ્યપર્યાયમાં જ ઉત્પન્ન થાય છે, એ સિવાય નરક–તિર્યંચના દુર્જન્મ તેને કદી થતા નથી. અહો, આ સમ્યગ્દર્શન સંબંભમાં અધિક શું કહેવું? એની તો એટલી જ પ્રશંસા બસ છે કે જીવને સમ્યગ્દર્શન પ્રપ્ત થતાં અનંત સંસારનો પણ અંત આવી જાય છે, ને તે મોક્ષસુખને પામે છે.

આ પ્રમાણે સમ્યગ્દર્શનનો પરમ મહિમા સમજાવીને શ્રી મુનિરાજ કહે છે કે હે આર્ય! તું મારા વચનોથી જિનેશ્વરદેવની આજ્ઞાને પ્રમાણભૂત કરીને, અનન્યશરણરૂપ થઈને (એટલે કે તેનું એકનું જ શરણ લઈને) સમ્યગ્દર્શનનો સ્વીકાર કર. જેમ શરીરના હાથ–પગ જગેરે અંગોમાં મસ્તક પ્રધાન છે, અને મુખમાં નેત્ર મુખ્ય છે, તેમ મોક્ષના સમસ્ત અંગોમાં ગણધરાદિ આપ્તપુરુષ સમ્યગ્દર્શનને જ પ્રધાન અંગ જાણે છે. હે આર્ય! લોકમૂઢતા, ગુરુમૂઢતા અને દેવમૂઢતાનો પરિત્યાગ કરીને તું, મિથ્યાદ્રષ્ટિઓ જેને નથી પામી શકતા એવી સમ્યગ્દર્શનની ઉજ્જવળતાને ધારણ કર. સમ્યગ્દર્શનરૂપી તલવાર દ્વારા સંસારરૂપી લતાને તું છેદી નાંખ. તું જરૂર નિકટ ભવ્ય છે અને ભવિષ્યકાળમાં તીર્થંકર થનાર છે. હે આર્ય! અરિહંતદેવના વચનઅનુસાર મેં આ સમ્યગ્દર્શનની દેશના કરી છે, તે શ્રેયની પ્રાપ્તિ માટે તારે અવશ્ય ગ્રહણ કરવાયોગ્ય છે. એ પ્રમાણે આર્ય–વજ્જંઘને પ્રતિબોધ્યા બાદ તે મુનિરાજ આર્યા–શ્રસમતિને સંબોધીને આ પ્રમાણે કહેવા લાગ્યા :

હે અંબા! હે માતા! તું પણ સંસારસમુદ્રથી પાર થવા માટે નૌકાસમાન એવા આ સમ્યગ્દર્શનને અતિ શીઘ્રપણે ગ્રહણ કર. આ સ્ત્રીપર્યાયમાં વૃથા ખેદખીન્ન શા માટે થાય છે? હે માતા! તું વિલંબ વગર સમ્યગ્દર્શનને ધારણ કર. સમ્યગ્દર્શન થયા પછી જીવને સ્ત્રીપર્યાયમાં અવતાર થતો નથી, તેમ જ નીચેની છ નરકોમાં વૈમાનીકથી હલકા દેવોમાં, કે બીજી કોઈ નીચ પર્યાયોમાં તે ઉત્પન્ન થતો નથી. અજ્ઞાનજન્ય આ નિંદ્ય સ્ત્રીપર્યાયને ધિક્કાર છે કે જેમાં નિર્ગ્રંથ મુનિધર્મનું પાલન થઈ શકતું નથી. હે માતા! હવે તું નિર્દોષ સમ્યગ્દર્શનની આરાધના કર, અને તેની આરાધના વડે આ સ્ત્રી પર્યાયનો છેદ કરીને ક્રમેક્રમે મોક્ષ સુધીના પરમ સ્થાનોને પ્રાપ્ત કર. તમે બંને થોડાક ઉત્તમ ભવોને ધારણ કરીને ધ્યાનરૂપી અગ્નિદ્વારા સમસ્ત

કર્મોને ભસ્મ કરીને પરમ સિદ્ધપદ પામશો.

–આ પ્રમાણે પ્રીતિકરઆચાર્યના વચનોને પ્રમાણ કરીને આર્યવજ્રજંઘે પોતાની સ્ત્રીની સાથેસાથે પ્રસન્નચિત્ત થઈને સમ્યગ્દર્શન ધારણ કર્યું. તે વજ્રજંઘનો જીવ પોતાની પ્રિયાની સાથે સમ્યગ્દર્શન પામીને અતિશય સંતુષ્ઠ થયો; બરાબર છે,–અપૂર્વ વસ્તુનો લાભ પ્રાણીઓને મહાન સંતોષ ઉપજાવે જ છે. જેમ કોઈ રાજકુમાર સૂત્રમાં પરોવેલી મનોહર માળા પ્રાપ્ત કરીને પોતાની રાજલક્ષ્મીના યુવરાજપદ પર સ્થિત થાય છે તેમ તે વજ્રજંઘનો જીવ પણ જૈનસિદ્ધાંતરૂપી સૂત્રમાં પરોવેલી મનોહર સમ્યગ્દર્શનરૂપી માળા પામીને મોક્ષરૂપી રાજસમ્પદાના યુવરાજપદ પર સ્થાપિત થયો; તેમજ વિશુદ્ધ પુરુષપર્યાય પામીને મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરતી થકી સતી આર્યા પણ સમ્યક્ત્વની પ્રાપ્તિથી અત્યંત સંતુષ્ઠ થઈ. પહેલાં કદી પણ જેની પ્રાપ્તિ થઈ ન હતી એવા સમ્યગ્દર્શનરૂપી રસાયણને આસ્વાદીને (ચૈતન્યના અતીન્દ્રિય આનંદને અનુભવીને) તે બંને દંપતી કર્મ નષ્ટ કરનાર એવા જૈનધર્મમાં અતિશય દ્રઢતા પામ્યા.



卐 હું જ્ઞાનસ્વભાવ છું–એવો જે ખરો નિર્ણય છે તેની સંધિ જ્ઞાનસ્વભાવ સાથે છે, વિકલ્પ સાથે તેની સંધિ નથી.

卐 જ્ઞાન અને વિકલ્પ બંને નિર્ણયકાળમાં હોવા છતાં; તેમાંથી જ્ઞાન–સ્વભાવ સાથે સંધિનું કામ જ્ઞાને કર્યું છે, વિકલ્પે નહિ.

卐 જ્ઞાનસ્વભાવ સાથે સંધિ કરીને, તેના લક્ષે ઉપડેલી જ્ઞાનધારા જ્ઞાનના અનુભવ સુધી પહોંચી જશે.

卐 જ્ઞાનસ્વભાવ સાથે સંધિ કરવાની વિકલ્પમાં તાકાત નથી. જ્ઞાને સ્વભાવનો ‘ટચ’ કર્યો ત્યારે સાચો નિર્ણય થયો.

卐 જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં, વિકલ્પથી જ્ઞાન અધિક થયેલું છે, જ્ઞાન અને વિકલ્પ વચ્ચે વીજળી પડી ચુકી છે, બંને વચ્ચે તિરાડ પડી ગઈ છે, તે સાંધ હવે ભેગી ન થાય.

–આવા આત્મનિર્ણયના બળે સમ્યક્ત્વ પમાય છે.

# ચૈતન્યજ્ઞાનના ચમકારા

## [ ગુરુદેવનાં પ્રવચનો તેમજ ચર્ચાઓમાંથી ]

###卐 વિકલ્પની હીનતા....જ્ઞાનનીમહાનતા 卐

વિકલ્પ વડે ચૈતન્યના ગુણોનું વેદન થતું નથી; તે વિકલ્પ પોતે પોતાને કે કોઈ ગુણને જાણતો નથી. હવે તે વિકલ્પથી જુદું એવું જે સમ્યક્ મતિ–શ્રુતજ્ઞાન, તે જ્ઞાનની એક નાની પર્યાયમાં પણ એવી અચિંત્ય તાકાત છે કે પોતે પોતાની નિર્મળતાને તેમ જ બીજા અનંતા ગુણોની નિર્મળપર્યાયને, તેની સાથે એકત્વ કરીને જાણી લ્યે છે. ક્યાં વિકલ્પ, અને ક્યાં જ્ઞાનનું સામર્થ્ય ! આવા જ્ઞાનસામર્થ્યવાળા આત્માનો સ્વીકાર વિકલ્પવડે થઈ શકે નહિ, વિકલ્પથી જુદા જ્ઞાનવડે જ તેનો સ્વીકાર થઈ શકે. આવા જ્ઞાનના સ્વીકાર પૂર્વકનાં જ વચનો સ્વ–પરના હિતનું કારણ થાય.

વિકલ્પની શક્તિ અત્યંત હીન છે, તેનામાં જાણવાની શક્તિ કે આનંદ દેવાની શક્તિ તો જરાય નથી. જ્ઞાનની એક નાની પર્યાયમાં ( સમ્યક્ મતિ–શ્રુતમાં ) પણ એવી મહાન તાકાત છે કે આત્માના અનંત ગુણોમાં વ્યાપીને તેને જાણે છે, ને આનંદને વેદે છે. આવી તો જેની એક જ્ઞાનપર્યાયની તાકાત, એવા અનંત ગુણોનો પિંડ પરમ સત્ આત્મા, તેના અચિંત્ય મહિમાની શી વાત ! આવા આત્માની સન્મુખતાવાળી પર્યાય વિકલ્પવાળી હોય જ નહિ; એ નિર્વિકલ્પ જ હોય, અહા, સ્વસન્મુખ જે પર્યાય આવે છે તે પર્યાયની તાકાત અનંત અચિંત્ય હોય છે–કેમકે અનંતાનંતગુણોનો તેણે સ્વીકાર કર્યો છે.–આવી તાકાત વિકલ્પમાં કદી હોય નહિ. સત્સ્વભાવની તરફ વળીને તેનો સ્વીકાર કર્યો તે પર્યાય પણ સત્ થઈ, ને તે સતમાં વિકલ્પ અસત્ થઈ ગયો. અનંતગુણની નિર્મળ પર્યાય તેમાં આવી, પણ વિકલ્પ તેમાં ન આવ્યો. જ્ઞાનમાં વિકલ્પ સમાઈ ન શકે કેમકે જાત જ જુદી છે. વિકલ્પ કદી અનંતગુણના સત્નો સ્વીકાર કરી શકે નહિ, જ્ઞાન જ તેનો સ્વીકાર કરી શકે.–આવું અચિંત્ય અપાર આત્મવૈભવનું સામર્થ્ય છે.

સ્વતરફ વળેલી જ્ઞાનપર્યાયમાં વીતરાગતા પ્રસિદ્ધ થઈ છે, રાગને તેમાં સ્થાન રહ્યું નથી. બીજ ઊગી એ તો ચન્દ્રનો કટકો છે, એ કાંઈ ઠીકરું નથી; તેમ ભેદજ્ઞાન થયું તે તો જ્ઞાનસ્વભાવની દશા છે, તે કાંઈ વિકલ્પનો કટકો નથી. સ્વભાવમાંથી

જ્ઞાનબીજ ઊગી તે અલ્પકાળમાં કેવળજ્ઞાનને સાધશે જ. સાધકને આવી જ્ઞાનધારા પ્રગટી તે અપૂર્વ છે, આનંદદાયક છે, વિકલ્પની ધારાથી તદ્ન જાુદી છે.

## 卐 શ્રવણનું ફળ વેદન. 'જેવું વેદન તેવું શ્રવણ' 卐

અનંતા જીવો એવા છે કે જેઓ હજી સુધી એકેન્દ્રિયપણામાંથી નીકળીને પંચેન્દ્રિય કદી થયા જ નથી, એટલે જેને હજી સુધી કાન મળ્યા નથી; છતાં કહે છે કે સર્વે જીવોએ રાગની કથા અનંતવાર સાંભળી છે. શબ્દો ભલે ન સાંભળ્યા, છતાં તે જીવોએ પણ રાગની કથા સાંભળી છે એમ કહ્યું, કેમકે રાગમાં એકત્વ પરિણમન કરી રહ્યા છે તેથી તે જીવો રાગની કથા જ નિરંતર સાંભળી રહ્યા છે. તેની સામે શુદ્ધાત્માની કથાની વાત લઈએ તો, જેણે શુદ્ધાત્મામાં એકત્વ પરિણમન કર્યું છે તેણે જ શુદ્ધાત્માની કથા ખરેખર સાંભળી છે. વેદન વગરના શ્રવણને ખરેખર શ્રવણ કહેતા નથી. શ્રવણનું જે વાચ્ય, તેનું જે વેદન કરે છે તે જ ખરૂં ભાવશ્રવણ છે. તેથી કહે છે કે જેણે એકવાર પણ શુદ્ધાત્માની કથા સાંભળી (એટલે કે ભાવશ્રવણ કર્યું) તે જરૂર અલ્પકાળમાં મુક્તિ પામે છે.

આ શ્રવણની માફક ગુરુદેવ એક બીજો ન્યાય પણ કહે છે: સામાન્યપણે દરેક જીવ સંસારની ચારે ગતિમાં અનંતવાર ઉપજ્યો–એમ કહેવામાં આવે છે; પણ ગણિતના ન્યાયથી જોતાં બધા જીવો ચારે ગતિમાં, અનંતવાર તો શું પણ એકવાર પણ ઉપજી શકે નહિ. અગાઉ ગુરુદેવે દેવગતિનો દાખલો આપીને આ વાત સમજાવી હતી; હાલમાં ચતુરીન્દ્રિયના ભવનો દાખલો આપીને તે વાત સમજાવી. બંનેમાં ન્યાય સરખો જ છે. તેથી અહીં આપણે દેવગતિનો દાખલો લઈશું.

卐 દેવગતિનું આયુષ્ય દશહજાર વર્ષ (ઓછામાં ઓછું) છે.

卐 દેવગતિમાં જીવોની સંખ્યા એક સાથે અસંખ્યાત હોય છે, અનંતા જીવો તેમાં હોતા નથી.

卐 જીવોની સંખ્યા અનંતાનંત છે; એટલી અનંત છે ભૂતકાળના સમયો કરતાં અનંતગુણી છે.

હવે દર દશહજાર વર્ષે અસંખ્યાત જીવો દેવગતિમાં ઊપજે, પછી બીજા અસંખ્યાત જીવો ઉપજે, એ પ્રમાણે દર દશહજાર વર્ષે અસંખ્યાત જીવોના ક્રમથી ગણીએ તોપણ

સમસ્ત ભૂતકાળમાં જીવોની સંખ્યાનો અનંતમો ભાગ જ દેવલોકમાં ઉપજી શકે છે; ને તેના કરતાં અનંતગુણા જીવો એવા રહે છે કે જેમણે કદી એકેન્દ્રિય સિવાય બીજી કોઈ ગતિમાં અવતાર લીધો નથી.

–આમ છતાં, દરેક જીવ ચારેગતિમાં અનંતવાર ઉપજી આવ્યો–એમ કેમ કહેવામાં આવે છે? તેનો ખુલાસો પણ ઉપરના 'ભાવશ્રવણ' જેવો જ છે; એટલે કે એકેન્દ્રિય અનંતા જીવો ભલે દેવાદિ ગતિમાં કદી ઊપજ્યા ન હોય પણ તેના મિથ્યાત્વાદિ ઊંધા ભાવમાં ચારે ગતિના અનંતા ભવ કરવાનું સામર્થ્ય પડયું છે, ચારે ગતિના અનંત ભવના કારણને તેઓ સેવી જ રહ્યા છે, તેથી તેઓને તેવું કાર્ય પણ થઈ રહ્યું છે એમ કહી દીધું.

## 卐 ધર્મી જીવનો ચૈતન્યસ્વાદ 卐

ધર્મીજીવ ચૈતન્યસ્વાદના વેદનના બળે રાગાદિ સમસ્ત પરભાવોને જુદા જાણે છે. અનાદિથી રાગમાં જે કદી નહોતું આવ્યું એવું નવીન વેદન ધર્મીને ચૈતન્યસ્વાદમાં આવ્યું છે. પરમ અતીન્દ્રિય અમૃતનો અત્યંત મધુર સ્વાદ આવ્યો તેમાં અનંતગુણનો રસ સમાઈ ગયો છે. આવા વેદનપૂર્વક પર્યાયમાં જે ચૈતન્યધારા પ્રગટી તેમાં રાગાદિ અન્ય ભાવોના સ્વાદનો અભાવ છે.–આવું વેદન ભેદજ્ઞાનમાં ધર્મીને થાય છે. રાગનો અને જ્ઞાનનો સ્વાદ અત્યંત સ્પષ્ટ જુદો જણાય છે. રાગ વગરનો એ ચૈતન્યસ્વાદ અત્યંત મધુર અને જગતના બીજા બધા રસોથી જુદી જાતનો છે.

આનંદપર્યાય સહિતના દ્રવ્યમાં વ્યાપેલો આત્મા–તે હું છું–એમ ધર્મી અનુભવે છે. વિકલ્પો બધા તે અનુભવથી બહાર જુદા રહી જાય છે. તે વિકલ્પો વડે આત્મા પમાતો નથી. હું મારા ચેતનસ્વાદના અનુભવમાં રાગને ભેળવતો નથી.....હું મારા આત્માને સર્વતઃ મારા સ્વ–રસથી ભરપૂર સંચેતુ છું...પર્યાય પણ તેવી જ થઈને, પરિણમી રહી છે. આવા મારા દ્રવ્યમાં કે પર્યાયમાં ક્યાંય મોહ નથી; મોહ તે જરાપણ મારો નથી, હું તો દ્રવ્યમાં કે પર્યાયમાં સર્વત્ર એક ચૈતન્યરસથી જ ભરેલો છું. શુદ્ધચૈતન્યપ્રકાશનો નિધાન હું–તેમાં મોહ કેવો?

મેં મારા આત્માને સ્વસંવેદન પ્રત્યક્ષરૂપ કર્યો છે. ઇન્દ્રિયાતીત જ્ઞાનમાં પ્રત્યક્ષ સ્વસંવેદન થયું ત્યારે જ ખબર પડી કે હું આવો જ્ઞાનસ્વરૂપ છું. અનંતા સિદ્ધોને અને તે દરેકના અનંત ગુણોને એક સાથે જે પ્રત્યક્ષ જાણી લ્યે છે એવું કેવળજ્ઞાન,

તે કેવળજ્ઞાનના જેટલા અવિભાગપ્રતિચ્છેદ છે તેટલા જ જ્ઞાનશક્તિના અવિભાગપ્રતિચ્છેદ છે. આવી શક્તિવાળા આત્માને સ્વીકારનારા શ્રદ્ધા–જ્ઞાન નિર્વિકલ્પ જ હોય, વિકલ્પ તેમાં રહી શકે નહિ. ચૈતન્યસ્વભાવને સ્વીકારનારા શ્રદ્ધા–જ્ઞાન રાગાદિ–વિકલ્પોથી જુદા ને જુદા રહે છે, ને અંદરના આનંદ વગેરે અનંત ગુણની નિર્મળ પરિણતિ સાથે એકરસપણે પરિણમે છે. અનંતગુણના સ્વાદથી ભરેલો ચૈતન્યરસ ધર્મીને અનુભવના સ્વાદમાં આવે છે.

## 卐 રાગથી જુદો, રોગથી જુદો. 卐

અતીન્દ્રિય આનંદસ્વભાવથી ભરેલો ભગવાન આત્મા રાગથી ને રોગથી બંનેથી જુદો છે. શરીર પાંચ કરોડ રોગનું ધામ છે, આત્મા અનંતગુણનું ધામ છે. આવા આત્માને સ્વભાવચતુષ્ટયથી લક્ષમાં લેતાં તેમાં રાગ કે રોગ નથી. જ્ઞાન–આનંદની સત્તામાં રોગ કે રાગની સત્તા નથી; એટલે રોગનું કે રાગનું વેદન જ્ઞાનને નથી; જ્ઞાનીની જ્ઞાનચેતના રાગ અને રોગથી જુદી રહેતી થકી જ્ઞાનઆનંદને જ વેદે છે.

卐

## * શાંતિદાતાર સંત વાણી *

卐

卐 ઉદ્વેગથી ભરેલા આ સંસારમાં અનેકવિધ દુઃખપ્રસંગે જ્ઞાનીસંતોની વાણી જીવને કેટલી શાંતિ આપે છે તેનો અનુભવ દરેક જિજ્ઞાસુ જીવને થાય છે. આત્મહિતપ્રેરક સંતવાણીમાં ખરેખર શાંતિનું ઝરણું વહે છે; કેમકે અંતરના શાંતિના સમુદ્રના વેદનપૂર્વક તે વાણી નીકળે છે.

卐 એ સંતો કહે છે કે સંસારમાં ગમે તેવો આકરો પ્રસંગ બને તોપણ જીવે શાંતિ રાખવી તે કર્તવ્ય છે, કેમકે જીવ પોતે શાંતિનો સમુદ્ર છે. વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્રનું સ્વરૂપ વિચારી તેની ભક્તિમાં, તેના મહિમામાં વારંવાર ઉપયોગ જોડવો. સંસારનો દુઃખપ્રસંગ યાદ આવે કે તરત જ ઉપયોગનો દેવ–ગુરુ–શાસ્ત્ર તરફ પલટી નાંખવો. દુઃખમાં આર્ત્તધ્યાન અને ઝૂરણા કર્યા કરવાથી તો ઊલ્ટા પરિણામ બગડે છે ને

ખોટાકર્મ તથા ખોટી ગતિ બંધાય છે. માટે એવા વિચાર ન આવવા દેતાં આત્માના હિતના વિચાર કરવા; બળપૂર્વક આત્માને તેમાં જોડવો. આત્માના અદ્ભુત ગંભીર મહિમાવંત સ્વરૂપને લક્ષમાં લેતાં પણ સંકલેશ છૂટીને શાંતિની ઠંડી હવા આવે છે.

卐 સીતાજી, અંજના વગેરે ધર્માત્માઓને કેવા પ્રસંગ બન્યા! છતાં પ્રતિકૂળતામાં પણ ધીરજ રાખીને ધર્મમાં અડગ રહ્યા, ને દેવ–ગુરુ–ધર્મનું શરણ લીધું. પૂર્વે પોતે જ પાપકર્મ બાંધેલું તેના ઉદયથી બહારમાં પ્રતિકૂળતા આવી,–પણ હવે અત્યારે એવા સારા ભાવ રાખવા કે ફરીને આવા સંયોગ જ ન મળે. ધર્માત્માનો સત્સંગ કરવો, તેમની કથા વાંચવી, તેમના સમ્યક્ત્વાદિનું સ્વરૂપ વિચારવું, જૈનધર્મનો મહિમા કરવો, ભગવાનના દર્શન–પૂજન કરવા, એમ સર્વ પ્રકારે આત્મહિત થાય તેમ વર્તવું. ધર્મમાં ચિત્ત પરોવીને સમાધાન રાખવું–એ જ સર્વ પ્રસંગે શ્રેષ્ઠ ઉપાય છે.

卐 જેણે શરીર ધારણ કર્યું તેને તે છોડવાનું તો છે જ,–પછી કોઈને નાની ઉંમરમાં છૂટે કે કોઈની મોટી ઉંમરમાં છૂટે. આત્મા તો અવિનાશી છે. ચોથા કાળમાં તો વૈરાગ્યના પ્રસંગો બનતાં કેટલાય જીવો મોક્ષને સાધવા માટે દીક્ષા લઈને વનમાં ચાલ્યા જતાં. મુમુક્ષુ જીવે તો વિલંબ વગર અંતરમાં ઊતરીને દેહથી ભિન્ન આત્માનો અનુભવ કરી લેવા જેવું છે.

卐 આત્માની વીરતા, આત્માની ખરી બહાદૂરી તો એમાં છે કે પોતાના આત્માને પરભાવોથી ભિન્ન અનુભવવો. અંદરની ચૈતન્યચેતનાને બાહ્યભાવો સ્પર્શવા ન દેવા એ જ જ્ઞાયકની વીરતા છે. જ્ઞાયકતત્ત્વના આનંદ પાસે જગતનું કોઈ દુઃખ ફરકી શકતું નથી. અહા, એ અદ્ભુત આશ્ચર્યકારી ચૈતન્યસ્વાદની શી વાત!

卐 આવો અદ્ભુત આનંદ પ્રાપ્ત કરવા માટે જિનેન્દ્ર ભગવાનનો અને તેમણે બતાવેલા આત્માનો અત્યંત મહિમા લાવવો. ખોટા દેવ–ગુરુને માનવાથી તો જીવના ભાવ બગડે છે. સાચા દેવ–ગુરુનું–ધર્માત્માનું દૃઢ શરણ લઈને, તેમણે બતાવેલા માર્ગે આત્મામાં આનંદ કરતાં શીખવું, જીવ પોતે આનંદરૂપ છે, તેમાંથી આનંદ લેવો. આત્મામાં આનંદ છે એટલે આત્મામાં ગમાડવું; સંસારમાં તો ક્યાંય ગમે એવું નથી. ક્યાંય ચિત્ત ન લાગતું હોય ત્યારે ભગવાનના મંદિરે જઈને બેસવું, ને ભગવાનના ગુણનો વિચાર કરવો કે અહો! આવી વીતરાગમુદ્રા જ શાંતિદાયક છે. તથા સાધર્મીનો સંગ કરવો.

卐 મુમુક્ષુ જીવનાં પરિણામ ઉજ્વળ હોય છે, હરેક પ્રસંગે તે વૈરાગ્યમાં ઝંપલાવે છે. મુમુક્ષુને જાતિસ્મરણ વગેરે પણ વૈરાગ્યનું જ કારણ થાય, રાગનું કારણ ન થાય. પૂર્વના ભવો ને પૂર્વના ભાવો યાદ આવતાં એમ થાય કે અહા, આવા ભવો ને આપવા ભાવો હું કરી આવ્યો. હવે તો આ સંસાર પ્રત્યે વૈરાગ્ય જ કરવા જેવો છે. આમ તે આત્મા સાથે સંધિ કરીને વૈરાગ્ય વધારે છે.

卐 જાુઓને, સીતાજીએ અગ્નિપરીક્ષા પછી વૈરાગ્યથી સંસાર છોડી દીધો ને અર્જિકા થઈ ગયા. રામચંદ્રજી જેવા મહાન ધર્માત્મા ને મોક્ષગામીપુરુષ, તેમને પણ લક્ષ્મણજીના વિયોગનો કેવો પ્રસંગ આવ્યો! છ માસ સુધી લક્ષ્મણજીના દેહને સાથે લઈને ફર્યા. છતાં અંતરના શ્રદ્ધા–જ્ઞાનમાં તે પણ છૂટયુ નથી, ને સંયોગમાં એકક્ષણ પણ તન્મય થયા નથી. ગમે તેવા પ્રસંગમાં પણ જ્ઞાનીની આત્મપરિણતિ સંસારથી વિરકત જ છે.

卐 જિજ્ઞાસુ જીવને સાચા દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઘણો આદર, ભક્તિ ને અર્પણતા હોય છે. આત્મા ગુણનો જ પિંડ છે, તેથી તેને ગુણ જ ગમે છે; એવા ગુણીજનો પ્રત્યે ઘણો આદરભાવ આવે છે. લોકો પણ અવગુણને નિંદે છે ને ગુણની પ્રશંસા કરે છે. વીતરાગના ગુણનો આદર કરીને મુમુક્ષુ પોતે પોતામાં તેવા ગુણ પ્રગટાવવા માંગે છે.

–આમ વિવિધ પ્રકારે સંતોના વચનમાંથી આત્મહિતની પ્રેરણા લઈને આત્માના ભાવ સારા રાખવા. સારા ભાવનું સારૂં ફળ આવે જ છે. ખરેખર, જ્ઞાનીસંતોની વાણી મુમુક્ષુજીવને અપૂર્વ આત્મશાંતિ આપનારી છે.

સર્વજ્ઞ પરમાત્માએ અને વીતરાગી મુનિ ભગવંતોએ કહેલું સત્ અત્યારે પ્રસિદ્ધિમાં આવી રહ્યું છે. અહો! સત્નું લક્ષ કરનારા જીવો મહા ભાગ્યશાળી છે. સત્નું લક્ષ કરીને તેનો પક્ષ કરનાર જીવો, –પ્રાણ જાય તોપણ સત્ના પક્ષને છોડતા નથી. પ્રાણ જાય તો ભલે જાય. મારા સત્સ્વરૂપના લક્ષનો પક્ષ હું કદી છોડું નહિ. સત્ના સાધકને જગતની પ્રતિકૂળતા ડગાવી શકતી નથી.

卐

# જૈનધર્મનું જીવન એટલે પરમાર્થ આત્માની અનુભૂતિ

卐

卐 જૈનધર્મનું જીવન એટલે શુદ્ધનયદ્વારા એક પરમભાવસ્વરૂપ આત્માની અનુભૂતિ આવી અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે, તે જૈનસિદ્ધાન્તનો સાર છે, તે મુમુક્ષુનું જીવન છે.

卐 અંતરમાં નિર્વિકલ્પ થઈને જેઓ પરમભાવરૂપ શુદ્ધતત્ત્વને જ સાક્ષાત્ અનુભવે છે તેઓ પરમભાવદર્શી છે, તેઓ તો શુદ્ધનયરૂપ પરિણમેલા છે, એટલે તેમને તો પર્યાયના ભંગભેદરૂપ અનેક પ્રકારોને દેખાડનાર વ્યવહારને જાણવાનું હવે કાંઈ પ્રયોજન નથી. ગુણગુણીના ભેદરૂપ વ્યવહારદ્વારા પણ જે પરમાર્થ અભેદ આત્મા બતાવવાનું પ્રયોજન હતું, ને પરમાર્થતત્ત્વમાં જ જેઓ પહોંચી ગયા છે તેને જ અનુભવી રહ્યા છે તેમને હવે ગુણભેદ વગેરેનું કાંઈ જ પ્રયોજન નથી.

卐 જેઓ પરમાર્થતત્ત્વના નિર્વિકલ્પ અનુભવમાં સ્થિત નથી, ને વિકલ્પદશામાં છે. તેઓ પર્યાયની તે–તે કાળની શુદ્ધતા તથા અશુદ્ધતાને જાણીને તેનો વિવેક કરે છે, એટલે તેમને માટે તે–તે કાળનો વ્યવહાર જણાય છે તે પ્રયોજનવાન છે. ભલે તે આશ્રય કરવા જેવો નથી, પણ જાણવા યોગ્ય તો છે જ. વ્યવહારને જાણતી વખતે પણ એની દ્રષ્ટિમાં તો એકરૂપ શુદ્ધ પરમાર્થતત્ત્વનો જ આદર છે.

卐 જે પર્યાય શુદ્ધનયરૂપ થઈને પરમાર્થસ્વભાવના અનુભવમાં વર્તે છે તે તો એકરૂપ શુદ્ધ થયેલી છે. તેને તો અભેદના અનુભવમાં કોઈ ભેદનું–વ્યવહારનું લક્ષ નથી. પણ તે જીવ જ્યારે વ્યવહારમાં હોય ત્યારે અપૂર્ણ દશા અને તેમાં અશુદ્ધતા, નિમિત્ત વગેરે વ્યવહારને જાણે છે. અંદરમાં તે વખતે પણ ભાન તો છે કે આ વ્યવહારનો આશ્રય છોડીને પરમાર્થના અનુભવમાં ઠરવું તે જ પ્રયોજનરૂપ છે.

卐 ધ્યાનવડે જેઓ શુદ્ધસ્વભાવમાં એકાગ્ર થઈને, શુદ્ધ સોના જેવા શુદ્ધઆત્માને અનુભવે છે તેને અશુદ્ધતાનો અનુભવ રહેતો નથી, એટલે અશુદ્ધતાને દેખનાર વ્યવહારનું તેમને કોઈ પ્રયોજન રહ્યું નથી. સાધકદશામાં વ્યવહારમાં ઘણાં પ્રકારો હોય છે; જ્યારે જે પ્રકારે હોય ત્યારે તે પ્રકારોને વ્યવહારનય જાણે છે. પણ શુદ્ધનયમાં જેઓ લીન નથી તેમને તે વ્યવહારનું જ્ઞાન પ્રયોજનરૂપ છે. જેઓ શુદ્ધનયથી

એક પરમભાવને જ અનુભવી રહ્યા છે તેમને ભેદરૂપ અનેક ભાવોવાળા વ્યવહારનું શું કામ છે?

卐 શુદ્ધનય આત્માના એક અચલિત પૂર્ણ અખંડ સ્વભાવને પ્રગટ કરે છે એટલે તે રૂપે પોતાને અનુભવે છે, તેમાં કોઈ અશુદ્ધતા કે ભેદના વિકલ્પો નથી.

આવા અખંડ શુદ્ધતત્ત્વને અનુભવમાં લીધા વિના, લક્ષમાં લીધા વિના, એકલા ભેદને ને અશુદ્ધતાને જાણવા જાય તો તેને વ્યવહારનયનું પણ સાચું જ્ઞાન થતું નથી, તે તો એકલી અશુદ્ધતાના અનુભવમાં જ પર્યાયબુદ્ધિથી અટકી જાય છે. તેની અહીં વાત નથી. અહીં તો પરમાર્થના અનુભવરૂપ પ્રયોજન જેના લક્ષમાં છે એવો જીવ, વ્યવહારકાળે વ્યવહારને જેમ છે તેમ જાણે છે,–એ રીતે જણાયેલો વ્યવહાર પ્રયોજનવાન છે. પ્રયોજનવાન એટલા માટે કહ્યો કે તેનું જ્ઞાન કરીને પણ તે કાંઈ વ્યવહારના આશ્રયમાં રોકાતો નથી, પણ પર્યાયમાં શુદ્ધતા વધારીને પરમાર્થ તરફ ઢળતો જાય છે ને અશુદ્ધતાને છોડતો જાય છે. એ રીતે પરમાર્થના અનુભવથી સાધક પોતાના પ્રયોજનને સાધે છે. બે નયો ભિન્ન છે, બંનેનો વિષય ભિન્ન છે. બંનેનો કાર્યકાળ પણ ભિન્ન છે; બંને નયો પોતપોતાના સમયમાં કાર્યકારી છે. તેમાં જ્યારે પરમાર્થઆત્માની અનુભૂતિસ્વરૂપ શુદ્ધનય વર્તે છે તે કાળે વ્યવહારનય હોતો નથી. અને જે કાળે પરમાર્થના અનુભવરૂપ શુદ્ધનય નથી તે કાળે અશુદ્ધતાને જાણનારો વ્યવહારનય હોય છે. આ રીતે પોતપોતાના સમયમાં બંને નયો કાર્યકારી છે. પણ, તેમાં સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ તો શુદ્ધનયના અનુભવથી જ થાય છે, વ્યવહારના આશ્રયે સમ્યક્વાદિ થતા નથી, એ મહા સિદ્ધાન્ત છે, ને તે જૈનધર્મનું જીવન છે. પરમાર્થસ્વરૂપ એક શુદ્ધ આત્માના અનુભવ વડે મુમુક્ષુજીવ મોક્ષમાર્ગને સાધે છે.

[ સમયસાર ગા. ૧૨ ના પ્રવચનોમાંથી ]

## પૂજારી....કોનો ?

હે જીવ !

તું જ્યારે ભગવાન જિનેન્દ્રદેવની પુજા કરે છે ત્યારે
પૂજાનો શુભરાગ તને વહાલો છે? કે
ભગવાનની વીતરાગતા તને વહાલી છે?
તેનો વિચાર કર.
જો વીતરાગતાનો આદર ને પૂજ્યબુદ્ધિ હોય તો જ તારી પૂજા સાચી.
પણ જો રાગનો તને આદર હોય તો–
તેં વીતરાગને નથી પુજ્યા.......તેં તો રાગને જ પૂજ્યો છે.

## આત્મધર્મના પાઠકો માટેની એક સુંદર યોજના-

“શ્રાવણ” માસની ખુશાલીમાં આત્મધર્મના તત્ત્વરસિક પાઠકો માટે એક લાભદાયી યોજના અમદાવાદના એક તત્ત્વપ્રેમી મુમુક્ષુ ભાઈ તરફથી રજુ કરવામાં આવે છે. તે અનુસાર– **“સમ્યગ્દર્શન થતાં પહેલાં આત્મસન્મુખ જીવની રહેણીકરણી તથા વિચારધારા કેવા પ્રકારની હોય? તથા સમ્યગ્દર્શન થયા પછી તેની રહેણી-કરણી અને વિચારધારા કેવા પ્રકારની હોય?”**

ઉપરના વિષય ઉપર સુંદર લેખ લખી મોકલવા સૌને નિમંત્રણ છે. દરેક જિજ્ઞાસુ વિચારકો આમાં ભાગ લ્યે એવી ઈચ્છા છે. શ્રેષ્ઠ નિબંધ લખનારાઓ માટે ઉપરોક્ત મુમુક્ષુ ભાઈ તરફથી રૂા. ૧૦૧ ) ઈનામ તરીકે વહેંચાશે. બીજા બધાને પણ એક પુસ્તક ભેટ અપાશે. આવેલા લેખોનો સાર આત્મધર્મમાં છપાશે. નિબંધ કે લેખ શ્રાવણ વદ બીજ સુધીમાં મોકલી દેવા. લેખોની પસંદગી સંપાદક કરશે. લેખ ગુજરાતી અથવા હિંદીમાં આશરે પાંચથી દશ પાનાંનો લખવો. સરનામું–

સંપાદક આત્મધર્મ. સોનગઢ ( સૌરાષ્ટ્ર )

## 卐 આત્મધર્મ 卐

ગુરુદેવે બતાવેલા ચૈતન્યસન્મુખી વીતરાગસુખમાર્ગને આત્મધર્મદ્વારા આપ જે ઉત્સાહથી–પ્રેમથી આદરી રહ્યા છો તે પ્રશંસનીય છે. આત્મધર્મના હાલના અંકોમાં આપને અનેક વિશેષતા અને વિવિધતા દેખાશે....તે અમે આપને કહીએ તેના કરતાં આપ જ વાંચીને લક્ષમાં લ્યો તે વધુ સારું છે.

છેલ્લા એક વર્ષથી એટલે કે ગત શ્રાવણમાસથી આત્મધર્મના સંપાદનમાં અપૂર્વ ફેરફારો શરૂ થયા છે...હંમેશાં અનેક મુમુક્ષુઓ આત્મધર્મ વાંચીને પ્રસન્નતા વ્યક્ત કરે છે. અને પ્રવાસ દરમિયાન તો ગામેગામ નવાનવા જિજ્ઞાસુઓને દેખીને–મળીને પ્રસન્નતા થાય છે. આપ પણ આત્મધર્મના વાંચન–વિચાર ને પ્રચારમાં ઉત્સાહથી ભાગ લ્યો. આજે આત્મધર્મની સંખ્યા ૨૯ વર્ષોમાં સૌથી વધુ છે ને હજી વધતી જ જાય છે. તે ત્રણ હજારની સંખ્યા આ વર્ષમાં જ વટાવી જશે. આપ સૌના સહકારથી ઝડપથી આપણે તે સંખ્યા પાંચહજાર સુધી લઈ જવી છે. શ્રાવણ માસથી ગ્રાહક થવા માટે, આવતા વર્ષ સહિત કુલ સવા વર્ષના પાંચરૂપિયા મોકલવા.

આત્મધર્મ કાર્યાલય, સોનગઢ

( સૌરાષ્ટ્ર )

## નમો કુંભકર્ણ-દેવાય !

**જી હા ! અમે કુંભકર્ણને નમસ્કાર કર્યા.**

શું તમને આશ્ચર્ય થયું ?–તો સાંભળોઃ– રાવણનો ભાઈ કુંભકર્ણ એ કાંઈ છ માસ સુધી ઊંઘતો ન હતો, એને જગાડવા છાતી પર હાથી ચલાવવા પડતા ન હતા; જાગીને એ પાડા ખાઈ જતો ન હતો. અરે, એ તો વીતરાગ મોક્ષમાર્ગના ઉપાસક એક અહિંસક મહાત્મા હતા, ને તે જ ભવે મુનિ થઈ, કેવળજ્ઞાન પામી, બડવાની–ચૂલગિરિ પરથી મોક્ષ પામ્યા છે. આપણે એમને સિદ્ધભગવાન તરીકે પૂજીએ છીએ......તેથી જ અમે લખ્યું કે ‘નમો કુંભકર્ણ–દેવાય.’

બોલો કુંભકર્ણ ભગવાન કી જે.

## રાત્રે પણ પ્રકાશ-

નેમનાથ પ્રભુના જમાનાની વાત છે.

એક વખત એવું બન્યું કે સૂર્યાસ્ત થતાં આખા સૌરાષ્ટ્રમાં રાત પડી પણ એક ઠેકાણે રાત ન પડી; ત્યાં તો પ્રકાશ જ રહ્યો ! તો એમ કેમ બન્યું ? તે શોધી કાઢો. જવાબ આવતા અંકમાં વાંચો.

## એક વૃક્ષ-

એક ‘વૃક્ષ’ છે.....સુંદર ફળ પણ આપે છે, છતાં તે વનસ્પતિકાય નથી, તેમજ દેવ–અધિષ્ઠિત પણ નથી... તો એ વૃક્ષ કયું ?

રત્નત્રયરૂપી વૃક્ષ છે તે મોક્ષરૂપી સુંદર ફળ આપનારું છે એ તો ખરૂં. પણ અહીં જે વૃક્ષનું પૂછયું છે તે એવું છે કે અજ્ઞાની જીવોને પણ ફળ આપે છે. તમે પણ એનાં ફળ ઘણીવાર ચાખી લીધાં હશે !

**“આત્મભાવના”** ભેટપુસ્તક પૃઃ ૩૫૮ માં લાઈન ૬–૭ માં ભૂલ છે, તે નીચે મુજબ સુધારીને વાંચવું–“જ્ઞાની–વિવેકી–અંતરાત્મા તો શરીર અને ઇંદ્રિયોથી પાર અતીન્દ્રિય ચૈતન્યસ્વરૂપ આત્માની ભાવનામાં એકાગ્ર થઈને પરમપદને પામે છે; ( પ્રીન્ટીંગની આ ભૂલ પ્રત્યે ધ્યાન ખેંચવા બદલ ગોરેગાંવના મનસુખભાઈ તથા હેંમત ગાંધીનો આભાર. )

## વૈરાગ્ય-સમાચાર

卐 બડનગર નિવાસી શેઠ પૂનમચંદજી શરાફ તા. ૧૧–૬–૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. અગાઉ તેઓ બડનગર મુમુક્ષુમંડળના અધ્યક્ષ હતા તેમને ગુરુદેવના દર્શનની ઉત્કટ અભિલાષા હતી, તે તા. ૪–૬–૭૨ ના રોજ ગુરુદેવ બડનગર પધારતાં પૂરી થઈ હતી, ગુરુદેવ તેમના ઘરે દર્શન દેવા પધાર્યા હતા.

卐 સોનગઢના રહીશ ડો. હરગોવિંદદાસ કે. દોશી તા. ૬–૭–૭૨ ના સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ પ્રત્યે તેમને ભક્તિભાવ હતો ને સોનગઢમાં તેઓ એક સેવાભાવી દાકતર તથા કાર્યકર હતા.

卐 રાંદેરવાળા માસ્તર મગનલાલ ખુબચંદ મહેતા (ઉ. વ. ૬૭) તા. ૨૪–૬–૭૨ ના રોજ હૃદયરોગથી સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ પાલેજ તથા મુંબઈ પધાર્યા ત્યારે તેમણે ઉલ્લાસથી દર્શન કર્યા હતા. અવારનવાર તેઓ સોનગઢ આવીને લાભ લેતા હતા.

卐 રાજકોટના શ્રી શિવકુંવરબેન (તેઓ દિલ્હીના સૌ. દયાબેન શાંતિલાલના માતુશ્રી) તા. ૧૮–૬–૭૨ ના રોજ દિલ્હી મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવે બતાવેલા માર્ગ પ્રત્યે તેમને ઘણો પ્રમોદ હતો, અને તેના મહિમા સંબંધી કેટલાક કાગળ પોતાના હાથે લખી ગયા છે, તથા ભવોભવમાં મને સાચા દેવ–ગુરુ–ધર્મનું જ શરણ હો–એવી દૃઢ ભાવનાપૂર્વક તેમણે દેહત્યાગ કર્યો છે.

卐 વડોદરાના ભાઈશ્રી ચુનીલાલ માણેકચંદ તા. ૨–૭–૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. માંદગી દરમિયાન પણ તેમણે ફતેપુર–પ્રતિષ્ઠા મહોત્સવમાં આવીને પ્રવચન વગેરેનો લાભ લીધો હતો ને ઘણા પ્રસન્ન થયા હતા.

卐 લીંબડીના ભાઈશ્રી મનસુખલાલ ગુલાબચંદ (ચશ્માવાળા) થોડા દિવસ પહેલાં અષાડ સુદમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ લીંબડીના મુમુક્ષુમંડળના એક ઉત્સાહી આગેવાન હતા, ને ગુરુદેવ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો.

卐 શેઠશ્રી મોહનલાલ વાઘજી (ધ્રોળવાળા) તા. ૧૦–૭–૭૨ ના રોજ સુરેન્દ્રનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. કરાંચી છોડીને ઘણા વર્ષો તેઓ સુધી સોનગઢ આવીને રહ્યા હતા, ને ગુરુદેવના સત્સંગનો લાભ લીધો હતો.

卐 રાજકોટના મેવાબેન (પ્રભાકુંવરબેન) રસિકલાલ દફતરી તા. ૯–૭–૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

卐 મોટી ધારીના જીજીબેન દામોદર કમાણી (તેઓ કસુંબાબેન વોરાના માતાજી ઉ. વર્ષ ૮૨) જેઠ સુદ સાતમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

卐 મોરબીના ભાઈશ્રી જગજીવન કાસીદાસના સુપુત્ર નવલચંદભાઈ તા. ૧૬–૭–૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. (આ પત્રના સંપાદકના તેઓ પિતરાઈ ભાઈ હતા.)

–સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે આ ક્ષણભંગુર સંસારથી છૂટીને શાશ્વત પદને પામો.

## અરીસો-

卐 એક સુંદર મજાનો સ્વચ્છ અરીસો છે.

卐 પણ તેના ઉપર ગારો ચોપડીને કોઈ જુએ, તો શું તેને ઓરીસામાં મોઢું દેખાશે? – ના.

卐 અરીસા ઉપર ગારાને બદલે ચંદનનો લેપ લગાડીને કોઈ જુએ, તો શું તેને મોઢું દેખાશે? – ના.

卐 ગારો કે ચંદન, બંને લેપ છે.–આવરણ છે, તે બંનેથી રહિત અરીસામાં જુએ તો જ મોઢું દેખાય.

卐 તેમ આ આપણો આત્મા જગતપ્રકાશી સ્વચ્છ ચૈતન્યઅરીસો છે.

卐 પણ તેના ઉપર પાપનો ગારો ચોપડીને કોઈ જુએ તો તેને પોતાનું સાચું સ્વરૂપ દેખાય નહિ.

卐 ચૈતન્યઅરીસા ઉપર પાપને બદલે પુણ્યરાગનો લેપ લગાડીને કોઈ

卐 જુએ તો પણ તેને પોતાનું સાચું સ્વરૂપ દેખાય નહિ.

卐 પાપ કે પુણ્ય તે બંને લેપ છે, આવરણ છે, તે બંનેથી રહિત સ્વચ્છ ચૈતન્યઅરીસામાં જોતાં પોતાનું સાચું સ્વરૂપ દેખાય છે.

–આ વાત, ભરતચક્રવર્તીએ જ્યારે ઉપવાસ કર્યો હતો અને પોતાની રાણીઓ સાથે ધર્મચર્ચા કરતા હતા ત્યારે તેમણે રાણીઓને સમજાવી હતી. ભરતજીની તે સુંદર ધર્મચર્ચા આપ આ અંકમાં પાંચમે પાને વાંચશો.

## 卐 જૈનદર્શન-શિક્ષણવર્ગ 卐

સોનગઢમાં દર વર્ષની જેમ પ્રૌઢ વયના જૈનભાઈઓ માટે જૈનદર્શન-શિક્ષણવર્ગ શ્રાવણ સુદ પાંચમથી શરૂ કરીને શ્રાવણ વદ દશમ સુધી ( એટલે તા. ૧૪ ઓગસ્ટથી તા. ૨ સપ્ટેમ્બર સુધી ) ચાલશે. અધ્યાત્મ પ્રેમી હિંદી-ગુજરાતી ભાઈઓએ આ શિક્ષણ-વર્ગનો લાભ લેવો જોઈએ. વર્ગમાં દાખલ થનાર જૈનબંધુઓ માટે રહેવા-જમવાની વ્યવસ્થા સંસ્થા તરફથી કરવામાં આવશે. વર્ગમાં દાખલ થવા ઈચ્છનારે નીચેના સરનામે જણાવવું.

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

## સમિતિના મહેમાનોને સૂચના-

શ્રી જૈન અતિથિ સેવા સમિતિમાં પધારતા મહેમાનોને ખાસ સૂચના કરવાની કે, આપ સમિતિમાં પધારવના હો ત્યારે આપના આગમનની સૂચના ( જૈન અતિથિ સેવા સમિતિ, સોનગઢ સૌરાષ્ટ્ર ) એ સરનામે અગાઉથી લખી મોકલવા વિનંતી છે,-જેથી સમિતિને રસોઈ વગેરે વ્યવસ્થામાં સુવિધા રહે. કદાચિત અચાનક સોનગઢ આવવાનું નકકી થાય તો સોનગઢ પહોંચ્યા બાદ તરત જ સમિતિમાં ખબર આપી દેવા જોઈએ. આપનો આટલો સહકાર સમિતિને આપની સરભરા માટે ખૂબ ઉપયોગી થશે. સમિતિનો ટેલિફોન નં 52 છે. સ્વાધ્યાયમંદિરની ઓફિસનો ટેલીફોન નંબર 34 છે, પરંતુ સાંજે છ વાગ્યા પછી તે બંધ હોય છે; તેથી રાતના ભાગના ટેલિફોન સમિતિના 52 નંબર ઉપર કરવા સૂચના છે. -જૈન અતિથિ સેવા સમિતિ, સોનગઢ

卐 ચામડાની કોઈપણ વસ્તુ જિનમંદિરમાં લવાય નહીં. વાજિંત્રના બહાને પણ ચામડાની કોઈપણ વસ્તુ મંદિરમાં ન હોય-તે ઈચ્છનીય છે. ચામડું એકદમ અશુદ્ધ અને અસ્પૃશ્ય છે, તેને અડીને પણ હાથ ધોવા જોઈએ. તથા જિનમંદિરમાં રાત્રિના ભાગમાં પૂજન-અભિષેક વગેરે કરવાં ન જોઈએ. અને ચોમાસામાં જીવહિંસા ન થાય તે રીતે વીજળીબત્તીનો ઉપયોગ જેમ બને તેમ ઓછો કરવો જોઈએ. બીજું રાત્રિભોજન તથા કંદમૂળ એ બંને પણ જૈનસમાજે ઘરેઘરેથી જડમૂળથી કાઢી નાંખવાની જરૂર છે. બાળકો, તમે ઝુંબેશ જગાડીને તમારા ઘરમાંથી રાત્રિભોજન અને કંદમૂળને તથા સીનેમાને દૂર કરો.....એટલે વડીલોને પણ તેમ કરવું જ પડશે. પર્યુષણ નજીક આવી રહ્યા છે-ત્યારપહેલાં આ બધી વાત તમારા ઘરમાં હોય તો કાઢી નાંખો.

# દુઃખ અલોપ !

રે જીવ ! કોઈ વાર તને માનભંગનું તીવ્ર દુઃખ થાય છે ને ? કોઈ વાર કઠોર વચન સાંભળીને, કે સ્ત્રી–પુત્ર સંબંધી દુઃખ થાય છે ને ? સંસારમાં ડગલે ને પગલે થતા અનેક પ્રકારનાં ભયાનક દુઃખો, તેનાથી છૂટવા તું કેવા ફાંફા મારી રહ્યો છે ? અને છતાં હજી સુધી તારું દુઃખ મટયું નથી.–તો શું કરવું ? વીતરાગી સન્તો તને એક એવી સરસ મજાની ઔષધિ બતાવે છે કે જેના સેવનથી સહજમાત્રમાં તારા બધાય દુઃખો અલોપ થઈ જશે.–કઈ છે તે ઔષધિ ?–સાંભળ !

શુદ્ધચિદ્રૂપનું સ્મરણ કરનારા જીવોને તે બધાય દુઃખો ક્યાં અલોપ થઈ જાય છે ! તે ખબર પડતી નથી. શુદ્ધચિદ્રૂપને યાદ કરતાં જ જીવને એવી શાંતિ થાય છે કે કોઈ દુઃખ રહેતું નથી. આ રીતે પરમ સુખ દેનાર શુદ્ધચિદ્રૂપનું સ્મરણ તે જ ભવદુઃખને મટાડવાનું અમોઘ ઔષધ છે. જ્યાં એનું સ્મરણ કર્યું.....કે બધાય દુઃખ અલોપ !

# અહો, મને રત્ન મળ્યું !

વીતરાગવાણીરૂપી સમુદ્રના મથનથી જેણે શુદ્રચિદ્રૂપ–રત્ન પ્રાપ્ત કર્યું છે એવો મુમુક્ષુ ચૈતન્યપ્રાપ્તિના પરમ ઉલ્લાસથી કહે છે કે અહો ! મને સર્વોત્કૃષ્ટ ચૈતન્યરત્ન મળ્યું. સર્વજ્ઞ ભગવાનની વાણીરૂપી શ્રુતસમુદ્રનું મથન કરી–કરીને, કોઈપણ પ્રકારે વિધિથી મેં, પૂર્વે કદી નહીં પ્રાપ્ત કરેલું અને પરમપ્રિય એવું શુદ્ધ ચૈતન્યરત્ન પ્રાપ્ત કરી લીધું છે. ચૈતન્યરત્નની પ્રાપ્તિથી મારી મતિ સ્વચ્છ થઈ ગઈ છે; તેથી મારા ચૈતન્ય સિવાય અન્ય કોઈ દ્રવ્ય મને મારું ભાસતું નથી. આ ચૈતન્યરત્નને જાણી લીધા પછી હવે જગતમાં મારા ચૈતન્યરત્નથી ઊંચો બીજો એવો પદાર્થ નથી કે જે મારે માટે જ્ઞેય હોય–દૃશ્ય હોય કે ગમ્ય હોય. જગતમાં ચૈતન્યની અન્ય બીજું કોઈ કાર્ય નથી, બીજું કોઈ વાચ્ય નથી, બીજું કોઈ ધ્યેય નથી, બીજું કાંઈ શ્રવણયોગ્ય નથી, બીજું કાંઈ પ્રાપ્ત કરવા જેવું નથી. બીજું કોઈ શ્રેય નથી, બીજું કોઈ આદેય નથી.

વાહ કેવું અદ્‌ભૂત છે મારું ચૈતન્યરત્ન !

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૩૦૦૦
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( સૌરાષ્ટ્ર ) : અષાડઃ ( ૩૪૫ )